CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883




# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 108, Dt. 07-09-2026 (MONDAY) Rs. 02/- Page : 24, RNI No. GUJGUJ/2023/84789

### 15માંથી 5 બેઠકો માટે કાલે ચૂંટણી 4 બેઠકો ઉપર મોવડી મંડળે ઘીના ઠામમાં ઘી પાડી દેવાની ચર્ચા

# રાજકોટ લોધીકા સંઘની કાલે ચૂંટણી

## 14 બેઠકમાં સમાધાન નક્કી જેવું માત્ર રૈયાણી બેઠકમાં હજુ ભરેલું નાળિયેર?

### BJP V/S BJP વચ્ચે જંગ, દિલ્હી સુધી લોમ્બિંગ છેલ્લી ઘડી સુધી મનાવણા માટે બેઠકોનો ધમધમાટ શરૂ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

એશિયાના સૌથી મોટા ગણાતા રાજકોટ લોધીકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી આવતીકાલે ૮ સપ્ટેમ્બરે યોજાવાની છે, ત્યારે સહકારી રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. સંઘની ચૂંટણીમાં સામ-સામે તમામ ૧૦ ઉમેદવારો ભાજપના જ હોવાથી પાર્ટી દ્વારા નક્કી કરાયેલ નામના ઉમેદવારો જ મત આપવા વ્હિપ આપવામાં આવ્યું છે. જયારે બાકીની ૫ બેઠકો પર ડેમેજ કંટ્રોલ કરવામાં જિલ્લા ભાજપનું નેતૃત્વ નિષ્ફળ સાબિત થતા ચૂંટણી થશે. નાની સહકારી સંસ્થાની સત્તા હાંસલ કરવા માટે ગાંધીનગરથી માંડીને દિલ્લી હાઈકમાન્ડ સુધી ભારે લોબિંગ કરવામાં આવ્યું તેમ છતાં બે દિગ્ગજ નેતા જયેશ રાદડિયા અને પ્રશાંત કોરાટ વચ્ચે ડેમેજ કંટ્રોલ કરવામાં ભાજપ સંગઠન નિષ્ફળ રહ્યું છે. આ ચૂંટણીમાં બે પૂર્વ મંત્રીઓના જૂથ આમને-સામને આવી જતાં ચેરમેન અને વાઈસ ચેરમેનના પદ સુધીની વર્ચસ્વની લડાઈમાં કોણ બાજી મારશે તેના પર સૌની નજર ટકેલી છે.

ચૂંટણી કાર્યક્રમ અનુસાર આવતીકાલે ૮ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી નિર્ધારિત મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૦૦ વાગ્યાથી મતગણતરી શરૂ કરીને આખરી પરિણામ જાહેર કરવામાં આવશે. ૧૦ બેઠકો બિનહરીફ થયા બાદ બાકીની ૫ બેઠકો પર સામસામે ૧૦ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે, જેના કારણે બંને પક્ષો માટે એક-એક મત નિર્ણાયક બની ગયો છે.

રાજકોટ લોધીકા સંઘની ચૂંટણી માટે પ્રદેશના નેતાઓની મધ્યસ્થી બાદ પણ સમાધાન ન થતા ભાજપ દ્વારા કુવાડવા જુથ બેઠક પર અરવિંદ રૈયાણી, માધાપર જુથ બેઠક પર પૃથ્વીસિંહ જાડેજા ઉર્ફે ઘોઘુભા જાડેજા, ખોખડદડ જુથ બેઠક પર બાબુ નસીત, ત્રંબા જુથ બેઠક પર નિતીન રૈયાણી અને હલેન્ડા જુથ બેઠક પર મહેશ આસોદરીયાના નામની જાહેરાત કરી વ્હિપ આપવામાં આવ્યું છે અને આ પાંચેય ઉમેદવારને મત આપવા વ્હિપ આપવામાં આવ્યું છે. જેની સામે ભાજપના જ ઉમેદવારો ચિત્તની લડતા હોવાથી નાના એવા સહકારી સંસ્થાની ચૂંટણીમાં ભાજપ સામે ભાજપની લડાઈનું ચિત્ર સામે આવ્યું છે.

> જો ચૂંટણી થઈ તો રાજકોટ જિલ્લા ભાજપની આબરૂનું ધોવાણ પણ નક્કી?

ચૂંટણીમાં ૫ બેઠકો પર સામસામે ખરાખરીનો જંગ જામ્યો છે. જેમાં પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી સામે નીતિન ચોવટિયા મેદાનમાં ઉતર્યા છે, જયારે વિજય સખીયા સામે પૃથ્વીસિંહ જાડેજા ઉર્ફે ઘોઘુભા જાડેજા ચૂંટણી લડી રહ્યા છે. આ ઉપરાંત બાબુ નસીત સામે હરજીભાઈ પીપડીયા, અનિરુદ્ધ સિંહ જાડેજા સામે નિતીન રૈયાણી તેમજ મહેશ આસોદરીયા સામે ધીરુભાઈ રોકડ વચ્ચે સીધી ટક્કર જોવા મળશે.





### ઉમેદવાર વિજય સખિયાએ પોલીસ પ્રોટેક્શન માગ્યું

રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ની વર્ષ ૨૦૨૬ની ચુટણીમાં ભાજપ નેતા વિજય સખીયાએ ઉમેદવારી નોંધાવ્યા બાદ આવતીકાલે યોજાનાર ચૂંટણી દરમિયાન ચુંટણી વિના વિઘ્ને અને પારર્દશક રીતે થાય તથા ઉમેદવાર તરીકે સુરક્ષા મળે તે માટે પોતાના સ્વ ખર્ચે પોલીસ પ્રોટેકશન આપવા પોલીસ કમિશનર સમક્ષ લેખિત માગ કરી છે.

## રાજકોટની કોમર્શિયલ કોર્ટમાં ટ્રેડમાર્ક દાવો દાખલ; વચગાળાનો એક તરફી મનાઈ હૂકમ

# 'અકિલા'ના નામે ન્યૂઝ ચેનલ ચલાવનારનો ખેલ 'ખતમ': કોર્ટની 'રોક'!

### 47 વર્ષથી પ્રસિધ્ધ થતાં લોકપ્રિય અકિલા દૈનિકના અજીતભાઈ ગણાત્રાએ અકિલાના નામ, લોગો કે સમાન ટ્રેડમાર્કનો કોઈપણ પ્રકારે ઉપયોગ રોકવા માંગણી : પ્રતિવાદી સામે કાનૂની કાર્યવાહી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

૧૯૭૯થી પ્રસિદ્ધ થતા અને લાખો વાંચકોના હૃદયમાં માનભર્યું સ્થાન ધરાવતા તથા લાખો જાહેરખબરો આપનારા વેપાર, વ્યવસાય કર્તાના પરમ શ્રદ્ધેય સાંધ્ય દૈનિક અકિલાના નામ અને ટ્રેડમાર્કનો ઉપયોગ કરીને ડિજિટલ ન્યૂઝ ચેનલ ચલાવવામાં આવતી હોવાના આક્ષેપ સાથે અકિલાના પ્રોપરાઈટર-માલિક અજીતભાઈ ગણાત્રાએ રાજકોટની કોમર્શિયલ કોર્ટમાં દાવો દાખલ કર્યો છે. દાવામાં અકિલાના નામ, લોગો, ડિઝાઈન કે તેના સમાન કોઈપણ ટ્રેડમાર્કનો ન્યૂઝ ચેનલ, ડિજિટલ પ્લેટફોર્મ કે અન્ય માધ્યમમાં ઉપયોગ અટકાવવા કાયમી મનાઈહુકમ માગવામાં આવ્યો છે. પ્રેસનોટ મુજબ પ્રતિવાદી અમિતભાઈ બિપીનભાઈ ઠક્કર સામે અગાઉ ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી અને આ મામલે કોર્ટમાં ચાર્જશીટ રજૂ થઈ છે. દાવાની પ્રાથમિક સુનાવણી બાદ કોર્ટ દ્વારા પ્રતિવાદીને નોટિસ આપવામાં આવી છે અને એકતરફી વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવ્યો છે. રાજકોટથી પ્રસિદ્ધ થતા સુપ્રસિદ્ધ સાંધ્ય દૈનિક અકિલા જેવા ભળતા ટ્રેડમાર્કનો ઉપયોગ કરનાર રાજકોટના ઈસમ અમિતભાઈ બિપીનભાઈ ઠક્કર વિરુદ્ધ રાજકોટની એડીશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટેએ અકિલા જેવા ટ્રેડમાર્કના ઉપયોગ કરવા સામે રોક લગાવતો વચગાળાનો આદેશ કરતો હુકમ ફરમાવેલ છે.

આ કેસની ટુંકમાં વિગત એવી છે કે રાજકોટથી પ્રસિદ્ધ થતા સાંધ્ય દૈનિક અકિલા ડેઈલી" ના પ્રોપરાઈટર/માલિક શ્રી અજીતભાઈ ગણાત્રાએ રાજકોટની ડિસ્ટ્રીક્ટ કોમર્શીયલ કોર્ટમાં કોમર્શીયલ ટ્રેડમાર્ક સુટ દાખલ કરી મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, તેઓ સને ૧૯૭૯ની સાલથી અકિલા ના નામથી સાંધ્ય દૈનિક પ્રસિદ્ધ કરે છે અને તેજ નામથી, તેજ ડિઝાઈનથી તથા તેજ લોગોથીસતત આજદિન સુધી કોઈપણ પ્રકારના વિક્ષેપ વગર સૌ જાણે જુવે તે રીતે અબંગ રીતે સાંધ્ય દૈનિક પ્રસિદ્ધ કરે છે. અકિલા સમગ્ર સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત અને દેશ વિદેશમાં લાખો વાંચકોના હૃદયમાં માનભર્યું, મોભાદાર વિશેષ સ્થાન ધરાવે છે અને ખુબ જ મોટી પ્રતિષ્ઠા,નામ, શાખ, કીર્તી, જનમાનસમાં પ્રચંડ વિશ્વાસ, વિશિષ્ટતા, તથા આગવી લાક્ષણીકતા ધરાવનાર લાખો વાંચકો ધરાવતું અવ્વલ દરજ્જાનું સાંધ્ય દૈનિક છે અને સાથોસાથ

**ORIGINAL**

સવારે ચા, સાંજે અકિલા ન્યુઝ.કોમ

**DUPLICATE**

અકિલા ન્યુઝ www.akilanews.in

જનમાનસમાં અકિલા દૈનિક, અકિલા ડેઈલી, અકિલા પ્રેસ, અકિલા ન્યુઝ, અકિલા ઈન્ડિયા" વિગેરે નામોથી વિશીષ્ટ આગવી આબરૂ, ગુડવીલ, નામના, શાખ ધરાવે છે તદઉપરાંત આજદિન સુધી કરોડો લોકોએ પ્રચંડ વિશ્વાસ રાખી વિપુલ પ્રમાણમાં પોતાની વ્યાપારીક સહિતની વ્યવસાયિક તેમજ વિવિધ પ્રકારની જાહેર ખબરો પણ પ્રસિધ્ધ કરાવેલ છે અને કરાવે છે.તેજ બતાવે છે કે "અકિલામાં ગ્રાહકોને પ્રચંડ વિશ્વાસ છે. રૂઅકિલા" સમાજમાં


એડવોકેટ અનિલભાઈ દેશાઈ


એડવોકેટ ઝાહિદભાઈ શેખ


એડવોકેટ રુશવીબેન શાહ


એડવોકેટ શ્યામલભાઈ સોનપાલ

અતિ ઉચ્ચ, મૂલ્યવાન, પ્રતિષ્ઠિત, આબરૂદાર અને સત્ય ન્યુઝ પ્રસિધ્ધ કરનાર અખબાર છે. ઉપરાંતમાં અકિલાના ડીજીટલ ન્યુઝ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુ-ટ્યુબ, ટવીટર સહિતના અલગ અલગ ડીજીટલ પ્લેટફોર્મ ઉપર લાખો ફોલોઅર્સ ધરાવે છે. તદઉપરાંત અકિલા"ની ટેગ લાઈન'સવારે ચા અને સાંજે અકિલા" પણ કરોડો લોકોના મુખે વસે છે.

તાજેતરમાં રાજકોટના ઈસમ અમીત બિપીનભાઈ ઠક્કર કે જે 'ભારત હેડલાઈન'ના નામથી ન્યુઝ ચેનલ ઓપરેટ કરતા હોવાનું જાણવા મળેલ છે અને તેઓ સામે થોડા સમય પહેલા ડીસ્ટ્રીકટ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન, રાજકોટમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૮(૪),૩૫૬ તથા ૫૪ તળે, જે કોઈ વ્યકિત બળજબરીથી કઢાવી લેવા માટે બીજી કોઈ વ્યકિતને ભયમાં મુકે અને જે કોઈ વ્યકિત બીજી કોઈ વ્યકિતની આબરૂને હાની પહોંચાડવાના ઈરાદાથી ચેષ્ટા કરે તે મતલબના ગુન્હાની ફરિયાદ નોંધાયેલી છે તેમાં પોલીસે તપાસ પૂર્ણ કરેલી છે અને કોર્ટમાં તેના વિરુધ્ધ ચાર્જશીટ મુકાયેલ છે. આ અમીતભાઈ બિપીનભાઈ ઠક્કરે "અકિલા"ના સમાન લોગો, ટ્રેડમાર્ક, ડિઝાઈન, નામ,નિશાન ધરાવતી તેમજ જાહેર ગેરસમજ ફેલાવનારી "અકિલા ન્યુઝ"ના નામથી ડીજીટલ ન્યુઝ ચેનલ,ડીજીટલ પ્લેટફોર્મ ઉપર જાહેર જનતા ગેરમાર્ગે દોરાય તે રીતે, ભ્રામક,છેતરામણી, સમાન ચિન્હવાળી, અકિલાનો બહોળો વાંચકવર્ગ અને ગ્રાહકો ગેરમાર્ગે દોરાય તે રીતની હેતુપૂર્વક 'અકિલા ન્યુઝ'થી ચાલુ કરેલ છે જે અમીતભાઈ બિપીનભાઈ ઠક્કરનું કૃત્ય મુળત કાયદા વિરુધ્ધનું છે અને અકિલાના ટ્રેડમાર્ક ઉપરનો અકિલાનો કાયદેસરના હક્ક અને અધિકારોનો ઉલ્લંઘન કરનારું કૃત્ય છે.તેમજઅકિલાની સમગ્ર સમાજમાં છેલ્લા ૪૭ વર્ષોથી સ્થાપીત થયેલ પ્રતિષ્ઠાને લાંછન લાગે તથા અકિલાના વાંચકો અને ગ્રાહકોને ગેરમાર્ગે દોરનારુ કૃત્ય તાજેતરમાં ઓગષ્ટ માસથી ચાલુ કરેલ છે.

વિશેષમાં પ્રવર્તમાન ટ્રેડમાર્ક અધિનિયમમાં "પાસીંગ ઓફની જોગવાઈ, ગુડવીલનું રક્ષણ કરવા અને ગ્રાહકના વિશ્વાસનું રક્ષણ કરવાના ઉદ્દેશથી લાવવામાં આવે છે. ટ્રેડમાર્ક એકટમાં પાસીંગ ઓફનો સંબંધ ઈન્ટલએકચ્યુલ પ્રોપર્ટી, વિવિધ વાણિજયક સેવાઓ, વ્યવસાય અને બિનવ્યવસાયીક પ્રવૃતિઓ માટે વિસ્તૃત કરેલો છે અને તેનો હેતુ છેતરપીંડી અને અન્યાયી, વ્યવસાયિક, વાણિજય સેવાઓ આપવાના કિસ્સાઓમાં ટ્રેડમાર્ક માલિકો માટે ઉપલબ્ધ ઉપાયો આપનાર છે અને ટ્રેડમાર્ક અથવા ટ્રેડનામનો ગેરકાયદેસર ઉપયોગ કયારે થાય છે જયારે જનતાને એવું માનવામાં આવે છે કે, એકપક્ષ દ્વારા પુરા પાડવામાં આવતા ઉત્પાદનો અને સેવાઓ ખોટી, હલકી ગુણવત્તાવાળી,ભ્રામક અને અનઅધિકૃત રીતે પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડી શકે છે. તેવા કિસ્સામાં પીડીતપક્ષને તેના હક્ક, અધિકારનું રક્ષણ કરવા માટે તેના લોગો, નામ, માર્કની અખંડતા જાળવવા અને બજારમાં ગ્રાહકોનો વિશ્વાસ જાળ વવા માટે એક મહત્વપૂર્ણ સાધન છે.'અકિલા'ના તંત્રી-માલિક શ્રી અજીતભાઈ ગણાત્રાએ વિવિધ કાનુની મુદ્દાઓ ઉઠાવી અત્રેની કોર્ટમાં દાવો દાખલ કરેલ છે.

દાવો રજુ થયા બાદ દાવાની પ્રાથમિક સુનવણી થયા બાદ રાજકોટના મહેરબાન એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ શ્રી પ્રિયંકાબેન અગ્રવાલે દાવામાં માંગવામાં આવેલા અરજન્ટ દાદો તથા કોર્મશીયલ કોર્ટ એકટની કલમ ૧૨(એ) અન્વયેની જોગવાઈઓ તથા સર્વોચ્ચ અદાલત તથા ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ તેમજ દાવાની અરજ-સી ધ્યાને લઈ વાદી 'અકિલા'ના તંત્રીશ્રી અજીતભાઈ ગણાત્રાનીતરફેણમાં તથા પ્રતિવાદી અમીત બિપીનભાઈ ઠક્કર વિરુધ્ધ આગામી તા. ૧૬/૦૯/૨૦૨૬ સુધી પ્રતિવાદી અમીત ઠક્કર પોતે જાતે, તેના નોકર, એજન્ટ, મુખત્યાર, કર્મચારીઓ કે અન્ય કોઈ દ્વારા અકિલાટ્રેડમાર્ક અથવા તેના સમાન કોઈપણ ટ્રેડમાર્ક, લેબલનો કોઈપણ પ્રકારે ઉપયોગ કરવો/કરાવવો નહિ તે પ્રકારનો કામચલાઉ મનાઈ હુકમ ફરમાવેલ છે.

આ કામમાં અકિલાના તંત્રી/માલિક શ્રી અજીતભાઈ ગણાત્રા વતી ગુજરાતના પ્રખ્યાત ધારાશાસ્ત્રી શ્રી અનિલભાઈ દેસાઈ, શ્રી શ્યામલભાઈ સોનપાલ તથા અમદાવાદના એસ.એન્ડ એસ.એસોસીએટસના ટ્રેડમાર્ક એકટના એક્ષપર્ટ ઝાહીદભાઈ શેખ તથા રુચવીબેન શાહ તથા એડવોકેટ નિલેશભાઈ વેકરીયા, વિજયભાઈ ભલસોડ રોકાયેલ છે.

**PCB સામે પિતાએ હાઈકોર્ટમાં જવા તૈયારી શરૂ: હોસ્પિટલ રિપોર્ટમાં પણ માર માર્યાનો પોઝીટિવ રિપોર્ટ**

# રાજકોટ પોલીસે 20 લાખના ‘તોડ’ માટે પાટીદાર યુવાનને મારતા તબિયત લથડી ?

## ક્રિકેટ સટ્ટાની ID અંગે પૂછપરછ માટે ઘરેથી ઉપાડી લીધો: નામ આપનાર બીજા યુવાન પાસેથી 5 લાખ લઈ જવા દીધો?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ક્રિકેટ સટ્ટાની કથિત ID અંગેની બાતમીના આધારે એક યુવાનને PCB દ્વારા પૂછપરછ માટે લઈ જવામાં આવ્યો હતો. જોકે, યુવાનના પરિવારજનોએ પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા છે. પરિવારના જણાવ્યા મુજબ, યુવાન પાસેથી કોઈ સટ્ટાની ID મળી ન હોવા છતાં તેની સાથે મારપીટ અને ટોર્ચર કરવામાં આવ્યું હતું તથા રૂપિયા ૨૦ લાખની માગણી કરવામાં આવી હતી.




મળતી માહિતી મુજબ, કોઠારિયા રોડ વિસ્તારના સ્વાતિ પાર્કમાં રહેતા કિશન નામના યુવાનને બાતમીના આધારે PCB દ્વારા લઈ જવાયો હતો. પરિવારનો આક્ષેપ છે કે, જીત નામના વ્યક્તિએ મોબાઈલમાં ક્રિકેટ સટ્ટાની ID હોવાની બાતમી આપી હતી. ત્યારબાદ કિશનને PCBમાં લઈ જઈ પૂછપરછ દરમિયાન વાળ ખેંચી માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પરિવારના જણાવ્યા પ્રમાણે, કિશન છેલ્લા કેટલાક દિવસથી છાતીમાં દુખાવો તેમજ કમળાની તકલીફથી પીડાતો હતો. તેમ છતાં તેને પૂછપરછ માટે લઈ જવાયો હતો. મોબાઈલમાંથી સટ્ટાની ID ન મળ્યા બાદ તેને પ્ર-નગર પોલીસ સ્ટેશનમાં મૂકવામાં આવ્યો હોવાનો પરિવારનો દાવો છે.

પ્ર-નગર પોલીસ સ્ટેશનમાં કિશને છાતીમાં દુખાવો થતો હોવાની ફરિયાદ કરી મદદ માગી હોવા છતાં તેની વાતને ગંભીરતાથી લેવામાં આવી ન હોવાનો પરિવારનો આક્ષેપ છે. દરમિયાન તેની તબિયત અચાનક લથડતાં તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

પરિવારના જણાવ્યા પ્રમાણે, યુવાનની તબિયતમાં હજુ સંપૂર્ણ સુધારો થયો નથી અને વધુ સારવાર માટે અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવાની તૈયારી કરવામાં આવી રહી છે. હોસ્પિટલના મેડિકલ રિપોર્ટમાં પણ મારપીટ થયાનો ઉલ્લેખ હોવાનો પરિવારનો દાવો છે.

આ સમગ્ર મામલે પરિવાર દ્વારા પોલીસ સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. પરિવારનો એવો પણ આરોપ છે કે, રૂપિયા નહીં આપે તો પાસા કરવાની ધમકી આપવામાં આવી હતી અને ઉચ્ચ અધિકારીઓની મંજૂરી હોવાની વાત કરવામાં આવી હતી.

પરિવારના જણાવ્યા મુજબ, કિશનના પિતા પોલીસ સલાહકાર સમિતિ સાથે સંકળાયેલા છે અને કિશન પોતે વિધાનસભા-૭૧ના ભાજપના IT સેલ સાથે જોડાયેલો છે. પરિવાર લાંબા સમયથી ભાજપ સાથે સંકળાયેલો હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

આક્ષેપો અંગે હવે કિશનના પરિવારે કાનૂની લડતનો નિર્ણય લીધો છે. રાજકોટ PCB પોલીસ સામે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હોવાનું પરિવારના સૂત્રોએ જણાવ્યું છે.


**ભાજપના IT સેલના સદસ્ય કિશનને વધુ સારવાર માટે અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં લઈ જવાશે: પિતા ભાજપના પોલીસ સલાહકાર સમિતિમાં સદસ્ય છે**







## સામાન્ય અકસ્માત જેવી બાબતે મહિલાએ તાંડવ મચાવી સામાન્ય લોકોને ઢીબી નાંખ્યા

# રૈયા ચોકડી પર જાહેરમાં ગાળાગાળી અને મારામારી કરનાર મહિલા કોન્સ્ટેબલ હોવાની ચર્ચા?



**રાજકોટ પોલીસ તપાસ કરી આવી મહિલાઓને પણ સબક શીખડાવવો જોઈએ**





**સિટી ન્યૂઝ@જયપુર**

રાજકોટ શહેર હંમેશા તેની શાંતિ અને રંગીલા સ્વભાવ માટે જાણીતું છે, પરંતુ હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોએ સમગ્ર શહેરમાં ખળભળાટ મચાવી દીધો છે. શહેરના અત્યંત વ્યસ્ત એવા રૈયા ચોકડી વિસ્તારમાં બે વાહનો વચ્ચે સામાન્ય ટક્કર થતાં એક મોટો હંગામો સર્જાયો હતો. આ ઘટનામાં કાળા ટી-શર્ટમાં સજ્જ એક યુવતીએ પોતાનો મિજાજ ગુમાવીને કારમાં સવાર અન્ય મહિલાઓ સાથે જાહેરમાં જ ઉગ્ર બોલાચાલી શરૂ કરી દીધી હતી. વાત માત્ર બોલાચાલી પૂરતી સીમિત ન રહેતા, આ યુવતીએ કોઈ પણ જાતના સંકોચ વગર બેફામ ગાળો ભાંડીને મારામારી પણ કરી હતી. રસ્તા વચ્ચે થયેલા આ ધીંગાણાના કારણે ત્યાંથી પસાર થતા લોકો પણ સ્તબ્ધ રહી ગયા હતા અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

આ વાયરલ વીડિયોમાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી રહી છે કે ગાળાગાળી અને અણછાજતું વર્તન કરનાર આ કાળા ટી-શર્ટવાળી મહિલા અન્ય કોઈ નહીં, પરંતુ રાજકોટ શહેર પોલીસની જ કોન્સ્ટેબલ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જો લોકોની આ આશંકા સાચી પડશે, તો તે પોલીસ વિભાગ માટે અત્યંત શરમજનક બાબત ગણાશે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેમના શિરે જવાબદારી છે, તેવા જ ખાખી વર્દીધારી કર્મીઓ જો કાયદાના ધજાગરા ઉડાવીને રસ્તા પર આવી ગુંડાગીરી પર ઉતરી આવે, તો સામાન્ય જનતા સુરક્ષા માટે કોની પાસે જશે તે એક મોટો સવાલ અહીં ઊભો થયો છે.

સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયુવેગે પ્રસરતા સામાન્ય નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ પૂછી રહ્યા છે કે શું પોલીસ ખાતામાં હોવાનો અર્થ એ છે કે જાહેરમાં કોઈનું પણ અપમાન કરવાનો અને કાયદા હાથમાં લેવાનો પરવાનો મળી ગયો? હાલમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને સ્થાનિક પોલીસે વાયરલ વીડિયોની ગંભીરતાથી નોંધ લીધી છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા વીડિયોમાં દેખાતા વાહનોના નંબર તેમજ કાળા ટી-શર્ટવાળી મહિલાની સાચી ઓળખ માટે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. હવે જોવાનું એ રહે છે કે આ ઘટનામાં કાયદો પોતાનું કામ નિષ્પક્ષ રીતે કરે છે કે પછી 'ખાખી'નો પાવર કાયદા પર ભારી પડે છે.



### પાલખી યાત્રાનું ઠેર-ઠેર ફૂલોથી સ્વાગત કરાયું રસ્તાઓ 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠયા

# રાજકોટની 'રક્ષા' માટે રામનાથ મહાદેવની વરણાંગી નીકળી

**103 વર્ષ પહેલા રાજકોટમાં પ્લેગ નામનો રોગથી લોકોને બચાવવા રાજા લાખાજીરાજ બાપુએ રામનાથ મહાદેવ મંદિરે પ્રાર્થના કરીને માનતા માની હતી કે સ્વયંભૂ રામનાથ દાદા આપ ગ્રામ દેવતા છો પ્લેગનો રોગ ઘેર-ઘેર છે તે આપ દૂર કરો જો રાજકોટ પ્લેગમૂક્ત થતા જ ત્યારથી દર વર્ષે રામનાથ મહાદેવની પાલખી યાત્રા કાઢવામાં આવે છે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજે પવિત્ર શ્રાવણ માસનો છેલ્લો સોમવાર છે, ત્યારે રાજકોટમાં સ્વયંભૂ રામનાથ મહાદેવની ૧૦૩મી પાલખી યાત્રા નીકળી હતી. આ યાત્રામાં હજારોની સંખ્યામાં શિવભકતો જોડાશે અને ઠેર-ઠેર રસ્તા પર હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠયો હતો. આ ઉપરાંત જયારે અલગ-અલગ ચોકમાંથી રામનાથ મહાદેવની પાલખી યાત્રા પસાર થઇ ત્યારે પુષ્પોની વર્ષા સાથે સ્વાગત કરાયું હતું.

રામનાથ મહાદેવની બપોરે ષોડશોપચાર પૂજન આરતી કરવામાં આવી હતી અને ત્યારબાદ બપોરે ૩.૩૦ વાગ્યે વરણાંગીનો પ્રારંભ થયો હતો. આજે ભગવાન ખુદ લોકોને દર્શન આપવા નીકળ્યા હતા, જેથી ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.



આજથી ૧૦૩ વર્ષ પૂર્વે આ પાલખીયાત્રાની શરૂઆત થઈ હતી. ૧૦૩ વર્ષ પહેલા ફાટી નીકળેલા પ્લેગ નામના રોગથી રાજકોટ વાસીઓને બચાવવા ત્યારના રાજા લાખાજીરાજ બાપુએ રામનાથ મહાદેવ મંદિરે પ્રાર્થના કરીને માનતા માની હતી કે, સ્વયંભૂ રામનાથ દાદા આપ ગ્રામ દેવતા છો, તમોને બે હાથ જોડી અરજ કરૂ છું કે મારી પ્રજા ઉપર જે પ્લેગનો રોગ ઘેર-ઘેર છે તે આપ દુર કરો.

જો રાજકોટ શહેર પ્લેગ રોગથી બચી જશે તો રામનાથ મહાદેવની પાલખી યાત્રા શહેરમાં ફેરવશે અને તે સમયે રાજકોટનાં લોકો પ્લેગમુક્ત થયા હતા. ત્યારથી દર વર્ષે ભગવાન રામનાથ મહાદેવની પાલખી યાત્રા કાઢવામાં આવે છે.

મહાદેવ સદૈવ રાજકોટ શહેરની રક્ષા કરે તેવી પ્રાર્થના સાથે ૧૦૩મી પાલખી યાત્રા કાઢવામાં આવી હતી જેને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

સ્વયંભૂ રામનાથ મહાદેવની વરણાંગી મંદિરેથી બપોરે ૩.૩૦ વાગ્યે શરૂ થઇ અને પછી રામનાથપરા મેઈન રોડ થઇ કોઠારીયા નાકા, કોઠારીયા નાકાથી પેલેસ રોડ, પેલેસ રોડથી આશાપુરા મંદિર પાછળ થઇ કરણપરા ચોક, કરણપરા ચોકથી કિશોરસિંહજી રોડ, કિશોરસિંહજી રોડથી પરત પેલેસ રોડ, પેલેસ રોડથી જયરાજ પ્લોટ, જયરાજ પ્લોટથી રામમઢી ચોક, રામમઢી ચોકથી હાથીખાના મૈન રોડ, હાથીખાના મૈન રોડથી રામનાથ મહાદેવના મેઈન રોડ અને ત્યાંથી પરત રામનાથ મહાદેવ મંદિર આવશે.

# લોકમેળામાં જમાવટ; ફજત-ફાળકા-વેપારીઓ ખુશખુશાલ

### વરસાદ નહીં પડતા વેપારીઓને ચાંદી

## લોકમેળો બન્યો લોકસાગર: 12 લાખ લોકોએ માણ્યો મેળાનો રંગ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજાયેલા ભાતીગળ લોકમેળાનો આજે (૬ સપ્ટેમ્બર) પાંચમો એટલે કે છેલ્લો દિવસ છે. ગઈકાલે શનિવારને ચોથા દિવસે બપોર પછી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા જાણે કીડિયારું ઉભરાયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યાં હતા. ચાર દિવસમાં ૧૦ લાખથી વધુ લોકોએ ચકરડી, ફજતફાળકા, વિવિધ રાઈડ્સ અને ખાણી-પીણીની મજા માણી છે, જેમાં જન્માષ્ટમીના દિવસે રેકોર્ડબ્રેક ૪.૨૨ લાખ તેમજ ચોથા દિવસે ૩ લાખથી વધુ લોકો ઉમટી પડ્યા હતા. રાંધણ છઠ્ઠથી દશમ સુધી ચાલતા આ મેળાના અંતિમ દિવસે રવિવારની રજા હોવાથી વધુ ૨ લાખ લોકો આવે તેવી શક્યતા સાથે ૫ દિવસમાં કુલ માનવ મહેરામણનો આંકડો ૧૨ લાખ વટાવી જવાનો અંદાજ છે.



### સસ્તા ભાવે ખરીદી કરવા લોકોની પડાપડી

## લોકમેળો પૂર્ણ: આજે ફેરિયાઓએ 50% ડિસ્કાઉન્ટ સાથે રમકડા વેંચવાનું શરૂ કર્યું

### સોમવારે રાજકોટવાસીઓ માટે ‘મેળા પછીનો મેળો’ જામ્યો હતો



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટનો પ્રખ્યાત લોકમેળો વિધિવત રીતે સંપન્ન થઈ ગયો છે, પરંતુ મેળો પૂર્ણ થયા બાદ પણ સ્થાનિક લોકો માટે ખરીદીનો આનંદ અકબંધ રહ્યો છે. મેળાની પૂર્ણાહુતિ પછી બહારગામથી આવેલા ફેરિયાઓ અને સ્ટોલ ધારકો હવે મેળાના મેદાનની બહાર અને આસપાસના રસ્તાઓ પર પોતાનો વધેલો માલસામાન સસ્તા ભાવે વેચીને પોતાના વતન પરત ફરવાની તૈયારી કરી રહ્યા છે. જેના કારણે મેળા પરિસરની બહાર પણ હજુ સુધી બજાર જેવો ઉત્સાહજનક માહોલ જોવા મળી રહ્યો છે.મેળા દરમિયાન જે રમકડાં, ગૃહઉપયોગી વસ્તુઓ અને કટલેરી ઊંચા ભાવે વેચાતી હતી, તે જ માલસામાન હવે ફેરિયાઓ દ્વારા તદ્દન પાણીના મુલે વેચવામાં આવી રહ્યો છે. સ્થાનિક લોકો અને ગ્રાહકો સાથે વાતચીત કરતાં તેમણે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, લોકમેળાના દિવસો કરતા હાલ અહીં ૫૦ ટકા જેટલા ઓછા ભાવે રમકડાં અને અન્ય આકર્ષક વસ્તુઓ મળી રહી છે. આ જ કારણ છે કે મોંઘવારીના જમાનામાં બજેટ સચવાઈ જતાં લોકો મેળા બાદ પણ પરિવાર અને બાળકો સાથે મોટી સંખ્યામાં ખરીદી કરવા ઉમટી પડ્યા છે.

### રાધનપુરમાં સિનાડા ગામે બે જ્ઞાતિ વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

# સિંગર કિંજલ રબારી મોલમાં પતિને મુકી પ્રેમી સાથે રફૂચક્કર

### સિંગરે અમદાવાદ પોલીસ કમિશનરને પત્ર લખી કહ્યું, પતિ મૂકેશ મારી જોડે બળજબરી કરતો








**સિટી ન્યૂઝ@અમદાવાદ**

સિંગર કિંજલ રબારી અપહરણ-લગ્ન કેસમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે, જેમાં બે જ્ઞાતિ સામસામે આવી રહી હોય તેમ ઘાટ સર્જાયો છે અને આગામી દિવસોમાં મામલો વધુ ઉગ્ર બની શકે છે. જેમાં આજે(૭ સપ્ટેમ્બર) કિંજલના પિયર રાધનપુરના સિનાડ ગામે ૬૦ લોકોનું ટોળાએ ચૌધરી PSI પર હુમલો કરી દીધો હતો.તો બીજી તરફ કિંજલે અમદાવાદ પોલીસ કમિશનરને પત્ર લખીને તેનું અપહરણ ના થયું હોવાનું જણાવ્યું છે. કિંજલે પત્રમાં લખ્યું છે કે, અશોક ચૌધરી સાથે ક્યારે છૂટાછેડા લેવા ન્હોતા, પરિવારે બળજબરીપૂર્વક હાઈકોર્ટમાં જવાબ અપાવ્યો હતો અને પરિવારે બળજબરીથી મુકેશ દેસાઈને સોંપી દીધી હતી અને તે મારી સાથે બળજબરી કરતો હતો.મહેસાણા હાઈવે પર આવેલી વડવાળા છાત્રાલય ખાતે આજે રબારી સમાજની બંધ બારણે ચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં એકબીજા સમાજે સામ સામે ના આવવા અપીલ કરાઈ છે.કિંજલ રબારી અભ્યાસ દરમિયાન રાધનપુર અપડાઉન કરતી ત્યારે અશોક ચૌધરીનો પરિચય થયો અને બાદમાં બંને વચ્ચે પ્રેમ સંબંધ થતાં તેને ૨મે ૨૦૨૪ના રોજ હિન્દુ વિધિથી લગ્ન કર્યા હતા, પરંતુ પરિવારજનો આ સંબંધ ન સ્વીકારતાં તેમણે ૧૦ માર્ચ ૨૦૨૬ના રોજ ઘર છોડીને સાથે રહેવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ પરિવારે તેને બળજબરીથી ઘરે લઈ જઈ ગોંધી રાખીને મરજી વિરુદ્ધ કોર્ટમાં છૂટાછેડાની અરજી કરાવી હતી. બાદમાં કિંજલના મુકેશ દેસાઈ સાથે સમાજની વિધિ મુજબ લગ્ન કરાવ્યા.ત્યારે ગઈકાલે(૬ સપ્ટેમ્બર) અમદાવાદના ચાંદખેડામાં કિંજલ રબારીનું અપહરણ થયાની મુકેશ દેસાઈએ અમદાવાદ પોલીસને ફોન કરીને જાણ કરી હતી કે, અજાણ્યા શખસો કારમાં અપહરણ કરી લઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળ પર પહોંચી CCTVની તપાસ કરતા કિંજલ જાતે જ કારમાં બેસતી જોવા મળી હતી.

> ❞ **દેસાઈ સમાજના લોકોએ PSI એચ.વી. ચૌધરી ઉપર હૂમલો કર્યો**

### કિંજલે અગાઉ પ્રેમી અશોક ચૌધરી સાથે લગ્ન કરી લીધા હતા જે પરિવારે દબાણથી અલગ કર્યા હતા



### દારૂના કોન્ટ્રાક્ટર સહિત 30 પર કેસ, 10ની ધરપકડ

# મધ્યપ્રદેશમાં ઝેરી દારૂ પીવાથી 24નાં મોત; 112ની હાલત ખરાબ

## 20 રૂપિયા સસ્તુ ક્વાર્ટર લેતા અનેક લોકોને ગંભીર અસર તમામ હોસ્પિટલમાં દાખલ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મધ્યપ્રદેશનાં સાગરમાં ઝેરી દારૂ પીવાથી મૃત્યુઆંક ૨૨ પર પહોંચી ગયો છે. સોમવારે સવારે ધુરમાર ગામના મહેશ રાવત (૫૫) એ બંડા હોસ્પિટલમાં, છાપરી ગામના શ્યામબાઈ અહિરવાર (૫૦) એ જિલ્લા હોસ્પિટલમાં અને પાપેટ ગામના કૃષ્ણ કુમાર લોધીએ મેડિકલ કોલેજમાં દમ તોડ્યો.આ પહેલાં એરલિફ્ટ કરીને ભોપાલ લાવવામાં આવેલા રામ પ્રસાદ લોધીનું રવિવારે રાત્રે મૃત્યુ થયું હતું. પિતા ગોવિંદ લોધીએ પણ રવિવારે દમ તોડ્યો હતો. જ્યારે, રામપ્રસાદનો નાનો ભાઈ ભૂરે લોધી બીએમસીમાં દાખલ છે. બમૂરા ભેડા ગામમાં અત્યાર સુધીમાં ૬ મૃત્યુ થયા છે.

હાલમાં, ૧૧૨ લોકો હોસ્પિટલોમાં દાખલ છે. પોલીસે આ મામલે 30 આરોપીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. તેમાંથી ૧૦ ની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી દારૂના નેટવર્ક અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે. લાયસન્સવાળા કોન્ટ્રાક્ટર સિદ્ધાર્થ કુશવાહા અને યશવંત ઠાકુરને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. પોલીસ ટીમો ફરાર આરોપીઓની ધરપકડ માટે સતત દરોડા પાડી રહી છે.

મહેશના ભત્રીજા શ્રવણ કુમાર રાવતે જણાવ્યું કે કાકાએ ગઈકાલે સાંજે દારૂ પીધો હતો, જેના પછી તેમની તબિયત બગડી હતી. જ્યારે, શ્યામબાઈના પુત્ર વિઠ્ઠલ અહિરવારે કહ્યું- અમે મામાના ઘરે ગમીમાં ગયા હતા. માતા ઘરમાં એકલી હતી. તેમણે ગામમાં કોઈની પાસેથી મંગાવીને દારૂ પી લીધો.મોડી રાત્રે તેમની તબિયત બગડવા લાગી. સવારે તેમને જિલ્લા હોસ્પિટલ લઈ ગયા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું.

બંડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR મુજબ, ફરિયાદી અનૂપ સિંહ લોધીએ જણાવ્યું કે તેના ગામમાં લગભગ ૮ લોકો ગેરકાયદેસર રીતે દારૂ વેચે છે. ૪ સપ્ટેમ્બરે તે તેના ભત્રીજા રાજેન્દ્ર લોધી સાથે જુઝાર લોધીની દુકાને ગયો હતો.

જુઝારે જણાવ્યું કે બરેઠીના લાયસન્સવાળા દારૂના ઠેકેદાર યશવંત સિંહ, મનીષ લોધી અને બંડા નિવાસી આશિષ સાહુએ આકાશ રાય, રહીમ ખાન, સત્યમ, આશારામ, અરવિંદ, રવિન્દ્ર, રોહિત, અનિકેત ગંધર્વ અને માખન દ્વારા પોતાની ગાડીથી નવી સસ્તી બ્રાન્ડ મોકલી છે. તેણે કહ્યું કે આ દારૂ દુકાનમાંથી ૨૦ રૂપિયા સસ્તો મળશે. અનૂપે કહ્યું કે તેને આજે દારૂ નથી પીવો. રાજેન્દ્રએ પૂછ્યું કે નકલી ઝેરી દારૂ તો નથી ને. દારૂના દુકાનદાર જુઝાર લોધીએ કહ્યું- બ્રાન્ડ એ જ છે અને તેને મનીષ અને આશિષે દારૂના ફોર્મ્યુલાથી બનાવ્યો છે. તેણે કહ્યું કે આ બજારમાંથી ૨૦ રૂપિયા સસ્તો મળશે. રાજેન્દ્રએ જુઝારની દુકાનમાંથી ૭૦ રૂપિયામાં એક ક્વાર્ટર દેશી દારૂ ખરીદ્યો અને પીધો. રાત્રે ઘરે પાછા ફર્યા પછી તેની તબિયત બગડી ગઈ. તેને બંડા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાંથી સાગર રેફર કરવામાં આવ્યો. સારવાર દરમિયાન રાજેન્દ્રનું મૃત્યુ થયું. કરતાર સિંહ લોધી અને દિગ્વિજય સિંહ લોધીનું પણ દારૂ પીવાથી મૃત્યુ થયું.

પોલીસે જુઝાર લોધી, દિનેશ સિંહ, સૌરભ લોધી, ગોવિંદ લોધી, મનોહર લોધી, લાયસન્સધારક યશવંત ઠાકુર, મનીષ લોધી, આશિષ સાહુ, આકાશ રાય, રહીમ ખાન, સત્યમ, આશારામ, અરવિંદ, રોહિત, માખન, અનિકેત ગંધર્વ, વિશાલ લોધી, મંગલ રજક, વિશાલ લોધી અને રાજા સિંહ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

લાયસન્સવાળા કોન્ટ્રાક્ટર સિદ્ધાર્થ કુશવાહા, રામ સિંહ લોધી, ચંદ્રભાન રાજપૂત, અરવિંદ યાદવ, ભગવાન સિંહ અને માન સિંહ અહિરવાર સહિત અન્યો વિરુદ્ધ FIR નોંધી તપાસ શરૂ કરી છે.

### ગ્રામજનોએ કહ્યું- તતરવારા ગામમાંથી દારૂનો સપ્લાય થયો

નામ ન છાપવાની શરતે ગ્રામજનોએ જણાવ્યું કે નૌરાજ ગ્રામ પંચાયતના તતરવારા ગામમાં લાંબા સમયથી ગેરકાયદેસર દારૂ બનાવવામાં આવી રહ્યો છે. અહીંથી આસપાસના ગામોમાં દારૂનો સપ્લાય થાય છે. ગ્રામજનોના મતે, દારૂ બનાવવાની કામગીરીમાં ઘણા પ્રભાવશાળી અને ગુનાહિત પ્રવૃત્તિના લોકો જોડાયેલા છે. તેમની દહેશતના કારણે ગ્રામજનો ખુલ્લેઆમ નામ લેતા ડરે છે. ગ્રામજનોનું કહેવું છે કે સ્થાનિક પોલીસ પણ તતરવારા ગામમાં દારૂ વિરુદ્ધ કાર્યવાહી કરતા ખચકાય છે.

### દારૂમાં મેથેનોલની ભેળસેળ મળી આવી

જણાવાયું કે ઝેરી દારૂનો સ્ત્રોત તપાસનો વિષય છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ દારૂ બહારથી બનીને સપ્લાય થયો હતો. તેમાં મેથેનોલની ભેળસેળ મળી આવી છે.

એસપી અનુરાગ સુજાનિયાએ જણાવ્યું કે દારૂના કેસમાં બંડા અને વિનાયકા પોલીસ સ્ટેશનમાં ૨૫ થી વધુ નામવાળા લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમને પોલીસ સ્ટેશન લાવીને પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમની પાસેથી દારૂના નેટવર્ક સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. ફરાર આરોપીઓની ધરપકડ માટે પોલીસ ટીમો અલગ-અલગ સ્થળોએ સતત દરોડા પાડી રહી છે. કેસના તમામ મુદ્દાઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે લાંબી ઈનિંગનો રાજકીય સંકેત આપ્યો


# ‘દાદા’એ કહ્યું હું ‘ટેસ્ટ મેચ’ રમી રહ્યો છું...

## મુખ્યમંત્રી બદલાવાની અફવાઓનું બજાર ગરમ હતું ત્યારે મુંબઈમાં ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રાને દાદાએ પોતે ટેસ્ટ મેચ રમી રહ્યા હોવાની વાત કરી

રાજકારણમાં ક્રિકેટની ઉપમા નવી નથી. ખાસ કરીને ગુજરાતના રાજકારણમાં ક્રિકેટની ભાષા ક્યારેક રાજકીય સંદેશો વ્યક્ત કરવા માટેનું રસપ્રદ માધ્યમ બની છે. પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજય રૂપાણી જાહેરમાં પોતાને T-૨૦ ક્રિકેટર ગણાવતા. તેમનો સંકેત સ્પષ્ટ હતો ઝડપી નિર્ણયો, ઝડપથી અમલ અને ઝડપથી પરિણામ.પરંતુ સમયનો ખેલ પણ ક્રિકેટ જેવો જ છે. T-૨૦ની ઈનિંગ પૂરી થઈ ગઈ અને હવે ગુજરાતના રાજકીય મેદાનમાં ટેસ્ટ મેચની વાત થઈ રહી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં મુંબઈમાં ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રા સાથેની વાતચીત દરમિયાન પોતે ટેસ્ટ મેચ રમી રહ્યા હોવાનો સંકેત આપ્યો. વાત મૂળભૂત રીતે લાંબા ગાળાના આયોજન, નીતિઓ અને રાજ્યના વિકાસના વિઝનના સંદર્ભમાં હતી. પરંતુ રાજકારણમાં શબ્દો માત્ર શબ્દો રહેતા નથી. ખાસ કરીને જ્યારે તે શબ્દો રાજકીય ચર્ચાઓ વચ્ચે ઉચ્ચારાય.છેલ્લા કેટલાક સમયથી મુખ્યમંત્રીના નેતૃત્વ અને સરકારના ભવિષ્યને લઈને અટકળોનું બજાર ગરમ હતું. આવા સમયે મુખ્યમંત્રી તરફથી હું ટેસ્ટ મેચ રમી રહ્યો છું એવું કહેવું સ્વાભાવિક રીતે રાજકીય સંદેશ તરીકે પણ જોવામાં આવે.સંદેશ કદાચ એટલો જ છે. ઝડપથી રન બનાવીને ઈનિંગ પૂરી કરવાની નહીં, લાંબી ઈનિંગ રમવાની તૈયારી છે.ટેસ્ટ મેચમાં માત્ર એકાદ શાનદાર શોટથી જીત મળતી નથી. ધીરજ જોઈએ, વિકેટ સાચવવી પડે, પરિસ્થિતિ પ્રમાણે બેટિંગ બદલવી પડે અને લાંબા સમય સુધી ક્રિઝ પર ટકી રહેવું પડે. સરકાર ચલાવવી પણ કંઈક એવી જ બાબત છે. પાંચ વર્ષના રાજકીય ચક્રથી આગળ જોઈને લાંબા ગાળાની નીતિઓ ઘડવી અને તેનો સતત અમલ કરવો પડે.




અહીં ટેસ્ટ મેચનો રાજકીય અર્થ કાઢવો હોય તો તે મુખ્યમંત્રીના લાંબા ગાળાના નેતૃત્વના દાવા તરીકે જોઈ શકાય. રાજકીય અટકળો વચ્ચે આ એક પ્રકારનો આત્મવિશ્વાસનો સંદેશ પણ છે. ઈનિંગ હજુ લાંબી છે.અલબત્ત, ક્રિકેટની ઉપમા આપવી સરળ છે, પરંતુ ટેસ્ટ મેચ જીતવી મુશ્કેલ છે. રાજકારણમાં પણ માત્ર લાંબો સમય ક્રિઝ પર ઊભા રહેવું પૂરતું નથી; રન પણ બનાવવા પડે. વિકાસના પરિણામો, રોજગાર, રોકાણ, માળખાકીય સુવિધાઓ અને સામાન્ય નાગરિકના જીવનમાં સુધારો આ જ અંતે સ્કોરબોર્ડ પર દેખાવાનું છે.આથી દાદા ટેસ્ટ મેચ રમશે એ વાક્ય માત્ર રાજકીય નિવેદન ન રહે, પરંતુ આગામી સમયની સરકારની કામગીરીનો માપદંડ બને તો ગુજરાતના રાજકારણ માટે તે વધુ રસપ્રદ રહેશે.રાજકારણની પીચ પર સૌથી મોટો અમ્પાયર જનતા છે. ત્યાં ન તો રાજકીય દલીલો ચાલે છે, ન તો પ્રેસ કોન્ફરન્સ. ત્યાં માત્ર પરિણામનું સ્કોરબોર્ડ જોવામાં આવે છેઅટકળોના તોફાન વચ્ચે ટેસ્ટ મેચનું નિવેદન ચોક્કસપણે રાજકીય સંદેશ ધરાવે છે. હવે જોવાનું એ છે કે આ માત્ર બેટિંગનો આત્મવિશ્વાસ છે કે ખરેખર લાંબી ઈનિંગ રમવાની તૈયારી.



**રાજકીય રીતે એવું પણ કહી શકાય કે મુખ્યમંત્રી પોતે ટેસ્ટ મેચ રમવા આવ્યા છે એ આયોજન સાથે આવ્યા છે તે પ્રકારનો રાજકીય સંદેશો પણ આપ્યો**



### મોડેલ અને અભિનેત્રીના નિવેદનથી સોશિયલ મીડિયામાં ચર્ચા શરૂ થઈ

# 'વેશ્યાવૃત્તિ' કાયદેસર બનાવો : પૂનમ પાંડે

## પૂનમે કહ્યું આનાથી સિસ્ટમને નિયંત્રિત કરવામાં અને મહિલાઓ સામેના ગુનાઓ ઘટાડવામાં મદદ મળી શકે છે



**સિટી ન્યૂઝ@મુંબઈ**


મોડેલ અને અભિનેત્રી પૂનમ પાંડે ફરી એકવાર પોતાના નિવેદનને કારણે સમાચારમાં છે. તાજેતરના એક ઇન્ટરવ્યુમાં તેણીએ પોતાના બોલ્ડ અને કામુક કન્ટેન્ટ વિશે ખુલ્લેઆમ વાત કરી છે. પૂનમે પોતાનું સ્વરૂપમાં તેને 'સમાજ સેવા' ગણાવી છે અને દાવો કર્યો કે, તેના વીડિયો કેટલાક પુરુષોને તણાવ દૂર કરવામાં મદદ કરે છે. તેમજ આ વાતચીતમાં તેણીએ ભારતમાં વેશ્યાવૃત્તિને કાયદેસર બનાવવા અને નિયમન કરવાની પણ હિમાયત કરી છે. તેના નિવેદનથી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ છે.

ઇન્ટરવ્યુ દરમિયાન, પૂનમ પાંડેને તેના બોલ્ડ કન્ટેન્ટ વિશે પૂછવામાં આવ્યું. જવાબમાં, તેણીએ દલીલ કરી કે ઘણા લોકો જીવનમાં તણાવ અને મુશ્કેલીઓમાંથી પસાર થાય છે, અને જો તેણીની કન્ટેન્ટ તેમને થોડા સમય માટે સારું લાગે છે, તો તે તેને "સમાજ સેવા"નું પોતાનું સ્વરૂપ માને છે. પૂનમના નિવેદને ઝડપથી લોકપ્રિયતા મેળવી. કેટલાક સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ તેને તેની સ્પષ્ટવક્તા શૈલીને આભારી છે, જ્યારે અન્ય લોકોએ તેના તર્કની ટીકા કરી.

પૂનમે વાતચીતમા ભારતમાં સેક્સ વર્ક પર પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેણીએ કહ્યું કે, તેને કાયદેસર અને નિયમનકારી બનાવવું જોઈએ. તેણીએ દાવો કર્યો હતો કે, આનાથી સિસ્ટમને નિયંત્રિત કરવામાં અને મહિલાઓ સામેના ગુનાઓ ઘટાડવામાં મદદ મળી શકે છે. જો કે, આ તેમનો વ્યક્તિગત દાવો છે, અને આવા ગુનાઓમાં ઘટાડો સ્થાપિત હકીકત ગણી શકાય નહીં. પૂનમના નિવેદનથી ફરી એકવાર કાયદા, સલામતી, માનવ તસ્કરી અને સંમતિ જેવા સેક્સ વર્ક સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા શરૂ થઈ છે. અહીં એક મહત્વપૂર્ણ તફાવત સમજવો મહત્વપૂર્ણ છે. ભારતમાં, પુખ્ત વયના લોકો દ્વારા સ્વૈચ્છિક સેક્સ વર્ક પોતે ગુનો નથી. સુપ્રીમ કોર્ટે ૨૦૧૬માં એમ પણ કહ્યું હતું કે, પોલીસ ફક્ત આ આધારે સ્વૈચ્છિક સેક્સ વર્કમાં સામેલ પુખ્ત વયના લોકોને નિશાન બનાવી શકતી નથી અને તેમની ઇચ્છા વિરુદ્ધ તેમને પુનર્વસન માટે દબાણ કરી શકતી નથી.

પૂનમ પાંડે તેની બોલ્ડ સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને વિવાદાસ્પદ નિવેદનો માટે સમાચારમાં રહી છે. તેણીએ ઘણીવાર જાતીયતા અને વ્યક્તિગત સ્વતંત્રતા જેવા મુદ્દાઓ પર ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ વખતે, તેના બે નિવેદનો તેણીની સામગ્રીને "સમાજ સેવા" તરીકે વર્ણવતા અને સેક્સ વર્કને કાયદેસર રીતે નિયંત્રિત સિસ્ટમ હેઠળ લાવવાની હિમાયત કરતા ફરી એકવાર તેણીને ચર્ચાના કેન્દ્રમાં લાવી છે.

સેક્સ વર્કનો મુદ્દો ફક્ત નૈતિકતા સુધી મર્યાદિત નથી. તેમાં પુખ્ત સંમતિ, મજૂર અધિકારો, જાહેર આરોગ્ય, શોષણ અને માનવ તસ્કરી જેવા ઘણા પાસાઓનો સમાવેશ થાય છે. પરિણામે, વિવિધ દેશોએ તેના અંગે અલગ અલગ કાનૂની મોડેલ અપનાવ્યા છે. પૂનમ પાંડેનું નિવેદન તેણીના વ્યક્તિગત અભિપ્રાયનું પ્રતિનિધિત્વ કરે છે. સેક્સ વર્કને કાયદેસર બનાવવાથી ખાસ કરીને મહિલાઓ સામેના ગુનાઓ ઓછા થાય છે તે પોતાનો દાવો સાબિત નિષ્કર્ષ નથી. જો કે, તેના નિવેદનથી ચોક્કસપણે ભારતમાં સેક્સ વર્કના કાનૂની અને સામાજિક પાસાઓ વિશે નવી ચર્ચા શરૂ થઈ છે.



## નિતીન ગડકરીએ કહ્યું; મીડિયા નિષ્પક્ષ હશે તો જ લોકશાહી મજબૂત બનશે

# માઈક છે, મીડિયા છે, વિશ્વસનિયતાનું સંકટ સૌથી મોટી સમસ્યા

■ મીડિયા પોતાની વિશ્વસનિયતા ફરીથી સ્થાપિત કરે : ગડકરી

■ કેન્દ્રીય મંત્રીએ પત્રકારોને લોકો, સમાજ અને દેશના હિતમાં લખવાની સલાહ આપી

## અખબારો અને મીડિયા સંસ્થાઓ કહેતી હતી કે તેઓ નક્કી કરશે કે ચૂંટણી કોણ જીતશે પરંતુ હવે સોશિયલ મીડિયાએ આ દિશા બદલી નાખી છે

**સિટી ન્યૂઝ@નાગપુર**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે તમામ સંસ્થાઓમાં મીડિયા સામે વિશ્વસનીયતાનું સંકટ સૌથી મોટી સમસ્યા છે. આજે સૌથી મોટી જરૂરિયાત એ છે કે મીડિયા પોતાની વિશ્વસનીયતા ફરીથી સ્થાપિત કરે.

ગડકરી શનિવારે IIM નાગપુર મીડિયા કોન્ક્લેવ ૨૦૨૬ માં મીડિયા, નેતૃત્વ અને નવી વિશ્વ વ્યવસ્થા વિષય પર બોલી રહ્યા હતા. તેમણે લોકશાહીની પ્રગતિ માટે સ્વતંત્ર-નિષ્પક્ષ ન્યાયપાલિકાની સાથે સ્વતંત્ર-નિષ્પક્ષ મીડિયાને જરૂરી ગણાવ્યું.

૨૧મી સદીમાં દરેક ક્ષેત્ર માટે વિશ્વસનીયતા, સદભાવના અને પ્રામાણિકતા સૌથી મોટી મૂડી છે. બધા ક્ષેત્રોમાં વિશ્વસનીયતા ઘટી છે, પરંતુ મીડિયાની વિશ્વસનીયતા ખૂબ જ ઘટી છે. જોકે, તેમાં તમામ મીડિયા સંસ્થાઓ સામેલ નથી.

અખબારો અને મીડિયા સંસ્થાઓ કહેતી હતી કે તેઓ નક્કી કરશે કે ચૂંટણી કોણ જીતશે, પરંતુ હવે સોશિયલ મીડિયાએ આ દિશા બદલી નાખી છે.

રાજકારણ સહિત તમામ ક્ષેત્રોમાં વિશ્વસનીયતાનું સંકટ છે, પરંતુ મીડિયા ક્ષેત્રમાં વિશ્વસનીયતાનું સંકટ સૌથી મોટી સમસ્યા છે.

મીડિયાએ પોતાની વિશ્વસનીયતા પુનસ્થાપિત કરવા વિશે વિચારવું જોઈએ. જે લોકો પાસે વિશ્વસનીયતા હોય છે, તેમને પોતાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી.

કેન્દ્રીય મંત્રીએ પત્રકારોને લોકો, સમાજ અને દેશના હિતમાં લખવાની સલાહ આપી. તેમણે કહ્યું કે પત્રકારોએ ગુણાત્મક બદલાવ સાથે સામાન્ય લોકો સુધી પહોંચવું જોઈએ. ગડકરીએ કહ્યું કે સારા કામની જેમ સારી પત્રકારત્વને પણ ઓળખ મળે છે. આવનારા સમયમાં એ જ લોકો ટકી રહેશે, જેઓ પોતાની વિશ્વસનીયતા અને વ્યવસાયના મૂળભૂત મૂલ્યોનું રક્ષણ કરશે.

તેમણે મીડિયાને લોકશાહીને મજબૂત કરવા, સામાજિક અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા અને જ્ઞાનમાં બદલાવ લાવવાની દિશામાં કામ કરવા અપીલ કરી. તેનાથી ભારતને વિશ્વ ગુરુ એટલે કે દુનિયાનો નેતા બનાવવામાં પણ મદદ મળશે. ગડકરીએ કહ્યું, “ભારત લોકશાહીની જનની અને દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. બંધારણે લોકશાહીના ચાર સ્તંભો એટલે કે ધારાસભા, કાર્યપાલિકા, ન્યાયપાલિકા અને મીડિયાની જવાબદારીઓ સ્પષ્ટપણે નક્કી કરી છે.

ગડકરીએ કહ્યું- રાજકારણ અને રાજકીય પક્ષો લોકશાહીની સૌથી મોટી તાકાત છે. લોકશાહી, લોકતાંત્રિક મૂલ્યો વિશે, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક મુદ્દાઓ પર લોકોમાં જાગૃતિ વધારવી પણ જરૂરી છે.

### નવો ટ્રેન્ડિંગ ફોર્મ્યુલાઃ યુપી, ઉત્તરાખંડ, પંજાબ, ગુજરાતમાં આવતા વર્ષે ચૂંટણી

# ચૂંટણીઓ હવે 'રિલ્સ'થી લડાશે,પક્ષો ઈન્ફ્લૂએન્સર્સ પર કરોડોનો દાવ લગાવશે !

## યુવા મતદારોને આકર્ષવા સભા, પોસ્ટર કે કોન્ફરન્સના ભરોસે નહીં પણ રીલ, મીમ કે શોર્ટ વીડિયો બનાવશે રાજકીય પક્ષો




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

રાજકીય પક્ષોની તાકાતનો જૂનો આધાર સંગઠન અને કાર્યકર્તાઓ રહ્યા છે. હવે તેમની સમાંતરે કન્ટેન્ટ ક્રિએટર્સ અને માઈક્રો ઈન્ફ્લુએન્સર્સની 'ડિજિટલ ફોજ' ઊભી થઈ રહી છે. તેમની પાસે ન તો પાર્ટીનું પદ છે, ન તો ઝંડો. પરંતુ, હજારો-લાખો સ્ક્રીન સુધી પહોંચ છે. યુવા આંદોલનોએ તેની તાકાત બતાવી દીધી છે. આંદોલનની માહિતી, નેરેટિવ અને સરકારને સવાલો હવે માત્ર સભા, પોસ્ટર કે પ્રેસ કોન્ફરન્સના ભરોસે નથી. એક રીલ, મીમ કે શોર્ટ વીડિયો થોડા કલાકોમાં લાખો યુવાનો સુધી પહોંચી શકે છે. યુપી, પંજાબ અને ઉત્તરાખંડની વિધાનસભા ચૂંટણી પહેલાં પક્ષો ૧૦ થી ૫૦ હજાર ફોલોઅર્સ ધરાવતા સ્થાનિક ઈન્ફ્લુએન્સર્સનું નેટવર્ક બનાવવામાં વ્યસ્ત છે. ડિજિટલ કેમ્પેન સાથે સંકળાયેલા લોકો અનુસાર, નાના અને મધ્યમ ઈન્ફ્લુએન્સર્સ કોઈ પક્ષ સાથે કાયમી ધોરણે જોડાતા નથી. તેઓ અલગ-અલગ સમયે ભાજપ, કોંગ્રેસ, આપ કે અન્ય પક્ષો માટે કામ કરી શકે છે. પક્ષો સર્જકની સામાજિક પહોંચ, વિચારધારા અને બોડી લેંગ્વેજ સુધીનું પરીક્ષણ કરે છે. ૧૫ હજાર ફોલોઅર્સ ધરાવતો શિક્ષક, ખેડૂત, કોમેડિયન ક્યાંક રાષ્ટ્રીય સેલિબ્રિટી કરતાં વધુ પ્રભાવી હોઈ શકે છે. ત્વરિત નેરેટિવ માટે ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુએન્સર અને નેતાની છબી બનાવવા માટે પોડકાસ્ટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.રાજકીય ચૂકવણી રોકડમાં થતી હોવાના દાવા છે. ચૂંટણી પંચ સોશિયલ મીડિયા રાજકીય જાહેરાતો અને ચૂંટણી ખર્ચને નિયમનના દાયરામાં રાખે છે. ASCI ગાઈડલાઈન્સ પણ જાહેરાતની સ્પષ્ટ માહિતી આપવાનું કહે છે.પરંતુ, જો કોઈ શિક્ષક શિક્ષણ નીતિના વખાણ કરે તો દર્શક કેવી રીતે ઓળખશે કે આ પેઈડ પ્રચાર છે. ૨૦૨૭ દરમિયાન યોજાનારી ચૂંટણીમાં મતદારો સામે આ પડકાર રહેશે.

### 50 લાખથી વધુ સબસ્ક્રાઈબર્સ હોય, તો 30 લાખ રૂપિયા મળે

રાજકીય રીલ માટે ૧૫ થી ૫૦ હજાર રૂ. અને પોસ્ટ માટે ૧૫ થી ૨૦ હજાર રૂ. સુધી ચૂકવવામાં આવતા હોવાના દાવા છે. સોશિયલ મીડિયા કંપની ચલાવતા શ્યામ તિવારીના મતે, ૫ લાખ સુધીના સબ્સ્ક્રાઈબર્સ ધરાવતા ક્રિએટર્સ ૫૦ હજારથી એક લાખ રૂપિયા સુધી લે છે. ૫૦ લાખથી વધુ સબ્સ્ક્રાઈબર્સ ધરાવતા મોટા ક્રિએટરની એક કન્ટેન્ટ 30 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે.

### ક્રિએટર પાસે રીચ, કાર્યકર્તા પાસે બૂથ

કોંગ્રેસની Gen-Z કનેક્ટ યાત્રા સાથે જોડાયેલા સુધાંશુ વાજપેયી કહે છે, રીલ્સથી કાર્યકર્તા કરતાં વધુ ફેમ મળી શકે છે. પરંતુ, મતદારને બૂથ સુધી લાવવાનું કામ કાર્યકર્તાનું જ છે. સોનમ વાંગચુકના લદ્દાખ અભિયાને દર્શાવ્યું કે ડિજિટલ સમર્થન જમીન પર ઉતરી શકે છે. ૨૦૨૪ની ભૂખ હડતાળ પછી ઓછામાં ઓછા ૫૦ શહેરોમાં ફ્રેન્ડ્સ ઓફ લદ્દાખ કાર્યક્રમો થયા. પરંતુ એ જરૂરી નથી કે દરેક વાયરલ અભિયાન વોટમાં બદલાય. જાગો કર્ણાટકના સંયોજક નૂર શ્રીધર પણ સોશિયલ મીડિયા અને બૂથ-સ્તરીય પ્રબંધનના તાલમેલને નિર્ણાયક માને છે.

# શ્રી કૃષ્ણ સર્વત્ર : હાજરાહજૂર લોકોને થયા ચમત્કાર



### નવ દિવસની કહાની ચમત્કારથી ઓછી નહીં

## નેપાળ ટનલમાં યુવાને નવ દિવસ શ્રી કૃષ્ણના મહામંત્રના જાપના સહારે પસાર કર્યા

**એક્સપર્ટ્સ પણ ચોંક્યા કોઈ મદદે ન આવ્યું ત્યારે શ્રી કૃષ્ણ પરની શ્રધ્ધાએ સંજય સાહને આપ્યો સહારો !**

**સિટી ન્યૂઝ@કાઠમાંડુ**

નેપાલમાં આવેલા વિનાશક પૂરના ૯ દિવસ પછી ગઈ કાલે ત્રિશુલી-3A હાઇડ્રોપાવર પ્રોજેક્ટની ટનલમાંથી બે લોકોને જીવતા બચાવી લેવામાં આવ્યા હતા. શોધ અને બચાવટીમોએ અંદર ફસાયેલા વધુ બચી ગયેલા લોકોને શોધવા માટે બચાવ-કામગીરી ચાલુ રાખી છે. ભોટેકોશી નદીમાં આવેલા વિનાશક પૂરથી ગંભીર રીતે નુકસાન પામેલા ૬૦ મેગાવૉટ હાઇડ્રોપાવર પ્રોજેક્ટમાં કામદારો સહિત ઓછામાં ઓછા ૪૨ લોકો ફસાયા હતા.

૪૫ વર્ષના કબીર મહર્જન અને 30 વર્ષના સંજય સાહને બહાર કાઢવામાં આવ્યા છે. કબીરનું સ્વાસ્થ્ય સારું ન હોવાથી તેને કાઠમાંડુ આર્મી હૉસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યો છે. ટનલમાંથી લોકોના અવાજ આવી રહ્યા છે એટલે આશા જાગી છે કે ટનલમાં ફસાયેલા વધુ લોકોને જીવતા બચાવી શકાય છે.

નેપાલના ત્રિશુલી-3A હાઇડ્રોપાવર પ્રોજેક્ટની ટનલમાં ૯ દિવસ ફસાયા બાદ જીવતા બચાવી લેવામાં આવેલા 30 વર્ષના સંજય સાહે કહ્યું હતું કે ’અંધકાર અને ભયાનક સમય દરમ્યાન હું

સતત ’હરે કૃષ્ણ મંત્ર’નો જાપ કરતો હતો. આ મંત્ર અને અતૂટ શ્રદ્ધાએ મને આશા અને જીવિત રહેવાની અપાર હિંમત આપી હતી. સંયોગથી કૃષ્ણ જન્માષ્ટમીના દિવસે સંજય સાહને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો હતો અને બહાર કાઢવામાં આવ્યો હતો. સંજય સાહ નેપાલ ઈલેક્ટ્રિસિટી ઑથોરિટીનો ફોરમૅન છે અને પૂરની ઘટના બની ત્યારે તે કન્ટ્રોલ રૂમમાં હતો. તે અન્ય લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને પોતે અંદર ફસાઈ ગયો હતો.

નેપાલમાં ૧૨ હાઇડ્રોપાવર પ્રોજેક્ટમાંથી લગભગ ૯૦૦ કામદારો ગુમ છે. ૨૬ ઑગસ્ટે તિબેટ સરહદ પર આવેલા નેપાલનાં અનેક ગામોમાં પૂરમાં અત્યાર સુધીમાં ૧૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે હજારો લોકો ગુમ થયા છે. એક ફેસબુક પોસ્ટમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના વિધાનસભ્ય રામ ન્યુપાને જણાવ્યું હતું કે ’ટનલની અંદરથી વધુ અવાજો સંભળાયા છે જેનાથી આશા જાગી છે કે અંદર ફસાયેલા વધુ લોકો હજી પણ જીવંત હોઈ શકે છે અને બચાવની રાહ જોઈ રહ્યા છે. નેપાલી સેના અને સશસ્ત્ર પોલીસદળની ટીમો વધુ બચી ગયેલા લોકોને શોધવા અને બચાવવાના પ્રયાસોમાં રોકાયેલી છે. લોકો ટનલની અંદરથી વાત કરી રહ્યા છે એવી માહિતી મળવી એ એક આશાસ્પદ સંકેત છે.

### પોલીસ અમેરિકાથી દર્શન કરવા આવેલા વિદેશીની મદદ કરી

## અમેરિકન ભૂરિયાએ દ્વારકામાં પર્સ ખોવાતા ‘હરે કૃષ્ણ’ના જાપ શરૂ કર્યા 60 મિનિટમાં પર્સ મળી ગયું

**લાખોની મેદની વચ્ચે ખોવાયેલું પર્સ પોલીસે શોધી આપ્યું ભીડમાં પર્સ મળવું એ ચમત્કારથી ઓછું નથી**



**સિટી ન્યૂઝ@દ્વારકા**

આજથી બરાબર ૨ દિવસ પહેલાં દ્વારકામાં જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી ચાલી રહી હતી. અહીં લાખ્ખો ભક્તો ભગવાન શ્રી કૃષ્ણની એક ઝલક જોવા માટે ઉમટ્યાં હતા. આવી જ કંઇક આશા સાથે સાત સમુદ્ર પાર અમેરિકાથી એક યુવાન ગુજરાતના છેવાડે આવેલાં દ્વારકાધીશના દર્શન માટે પહોંચે છે. જે ઉત્સાહ સાથે તે દ્વારકા નગરીમાં પહોંચ્યો હતો તેનો ઉત્સાહ થોડાક જ કલાકોમાં ચિંતામાં ફેરવાઇ ગયો. કારણ કે તેના ડોક્યુમેન્ટથી લઇને મોબાઇલ અને કિંમતી સામાન ભરેલું પર્સ ક્યાંક ગુમ થઇ ગયું. હાંફળો ફાફળો બનેલો આ યુવક મુંઝાઇ ગયો કે ડોક્યુમેન્ટ વગર પોતાના દેશ પરત કેવી રીતે ફરશે પણ તેનું ગુમ થયેલું પર્સ એક હેડ કોન્સ્ટેબલે ૬૦ મિનિટમાં જ પાછું મેળવી આપ્યું હતું. પર્સ મળતાં જ તેને જાણે કે ભગવાનનો સાક્ષાત્કાર થયો હોવાનો અનુભવ થયો.

કૃષ્ણનગરીમાં ભક્તોની ભીડ જામી હતી. રાજાધિરાજ દ્વારકાધીશને નિહાળવા સૌ કોઇ આતુર હતા. પાંચેક દિવસ પહેલાંથી અહીં ભાવિકોનો ધસારો ચાલુ થઇ ગયો હતો એટલે ક્રાઉડ મેનેજમેન્ટ કરવા ખૂણે ખૂણે પોલીસ તૈનાત હતી.

જન્માષ્ટમીના દિવસે સવારે ૮ વાગ્યાથી જ દ્વારકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નિશિત પરમારની ડ્યુટી કિર્તિ સ્તંભથી લઇને નવા ગોમતી ઘાટ સુધીની હતી. ડ્યુટી શરૂ થયાને અંદાજે ત્રણેક કલાક વિત્યાં હશે. તેવામાં તેની નજર એક વિદેશી નાગરિક પર પડી. તે વિદેશી નાગરિક એકદમ ચિંતામાં હતો. આસપાસથી જે લોકો નીકળે તેને પકડીને ઊભા રાખીને કંઇક પૂછી રહ્યો હતો અને હાથથી કંઇક ઇશારો કરી રહ્યો હતો. દૂરથી આ દશ્ય જોતાં હેડ કોન્સ્ટેબલને કંઇ ખબર નહોતી પડતી કે આ વિદેશી નાગરિક શું પૂછી રહ્યો છે અને કેમ ચિંતામાં છે.

### સુરક્ષાને લઈને પોલીસનું મેગા રિહર્સલઃ લોખંડી બંદોબસ્ત ગોઠવાયો

# વડોદરામાં કાલે મોદીઃ રેમ્પ પર PM રોક સ્ટાર સ્ટાઈલમાં એન્ટ્રી કરશે

### GEN-Zને આકર્ષવા પરંપરાગત સભા કરતા આ વખતે અલગ અંદાજ જોવા મળશે




**સિટી ન્યૂઝ@વડોદરા**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે વડોદરાની મુલાકાતે આવવાના હોવાથી શહેરમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. PM મોદીના પ્રવાસને લઈને પોલીસ તંત્ર એલર્ટ મોડ પર છે. વડોદરા એરપોર્ટથી લઈને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પેવેલિયન મેદાન સુધી સુરક્ષાને ધ્યાનમાં રાખીને પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે.

સુરક્ષા વ્યવસ્થામાં કોઈ કચાશ ન રહે તે માટે પોલીસ દ્વારા રિયલ ટાઈમ રિહર્સલ કરવામાં આવ્યું.PM મોદીના આગમન અને સભા દરમિયાન સુરક્ષા વ્યવસ્થાનું યોગ્ય સંકલન થાય તે માટે SPG તેમજ પોલીસના ઉચ્ચ અધિકારીઓ રિહર્સલમાં સક્રિય રીતે જોડાયા હતા. એરપોર્ટથી સભા સ્થળ સુધી PM મોદીના કાફલાની અવરજવર, રસ્તામાં સુરક્ષા બંદોબસ્ત અને સંભવિત સ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ સહિતની વ્યવસ્થાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. રિહર્સલ દરમિયાન મુખ્ય માર્ગો પર થોડા સમય માટે ટ્રાફિક વ્યવસ્થા પણ બદલવામાં આવી હતી.વડોદરામાં PM મોદી MS યુનિવર્સિટીના પેવેલિયન મેદાન ખાતે સભાને સંબોધશે. આ કાર્યક્રમમાં ખાસ કરીને યુવા વર્ગને આકર્ષવા માટે અલગ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. સભા માટે વિશાળ સ્ટેજ તૈયાર કરવામાં આવ્યું છે અને અંદાજે ૨૦૦ મીટર લાંબો રેમ્પ પણ બનાવવામાં આવ્યો છે. આ રેમ્પના માધ્યમથી PM મોદી ચાલતા-ચાલતા યુવાનો સાથે સંવાદ કરશે અને તેમને સંબોધશે.

### 2 ઓક્ટોબરે વિશ્વાસ સંમેલન યોજાવાની જાહેરાત


# બાપુ ફરી ચૂંટણી મેદાનમાં

### ભાજપ સામે લડવા 2027ની ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલાએ ફોજ તૈયાર કરી ચૂંટણી મેદાનમાં ઉતરશે

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી પૂર્વે રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આગામી વિધાનસભા ૨૦૨૭ની ચૂંટણી ને ધ્યાને રાખી ગાંધીનગરમાં પ્રજા શક્તિ પાર્ટીના અગ્રણીઓ સાથે બેઠક યોજી સક્રિય રી-એન્ટ્રી કરી છે. તેમણે ભાજપ સામે લડવા જનતાની ફોજ તૈયાર કરી ૨ ઓક્ટોબરે વિશ્વાસ સંમેલન યોજવાની જાહેરાત કરી છે. ગુજરાતના રાજકીય ઈતિહાસમાં પોતાના આક્રમક તેવર માટે જાણીતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ફરી એકવાર સક્રિય રાજકારણમાં ઉતર્યા છે.

ચૂંટણીઓ નજીક આવતા જ ગાંધીનગરમાં તેમણે પ્રજા શક્તિ પાર્ટી સાથે સંકળાયેલા હોદ્દેદારો અને કાર્યકરો સાથે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.આ બેઠકમાં આગામી દિવસોમાં જનતાના પ્રશ્નોને વાચા આપવા માટે નક્કર બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે.



### વિધાનસભા સત્રમાં ઉપસ્થિત રહેવા

# ધારાસભ્ય ચૈતર વસાવાને 7 દિવસના જામીન મળ્યા

### હાઈકોર્ટે કહ્યું, ગાંધીનગર છોડી શકશે નહીં મીડિયા સાથે વાત કરી નહીં શકે

**સિટી ન્યૂઝ@અમદાવાદ**


MLA ચૈતર વસાવાને હાઇકોર્ટે એક અઠવાડિયાના જામીન આપ્યા છે. જેલમાંથી છૂટે ત્યારથી ૭ દિવસ સુધી જામીન મંજૂર કરાયા છે. વિધાનસભાના ચોમાસુ સત્રમાં ઉપસ્થિત રહેવા ચૈતર વસાવાએ હંગામી જામીન માંગ્યા હતા. તેઓ ફોરેસ્ટ કર્મચારીઓ ઉપર હુમલો કરવાના કેસમાં વડોદરાની જેલમાં સજા ભોગવી રહ્યા છે. કુલ ૭ વર્ષ કેદની સજા નર્મદા કોર્ટે કરી છે.કોર્ટે કહ્યું હતું કે તેઓ ગાંધીનગર છોડી શકશે નહીં. સાથે જ લોકો અને મીડિયાને પણ સંબોધન કરી શકશે નહીં.મીડિયા ઈન્ટરવ્યૂને લઈને કોર્ટે ખાસ ટકોર કરતા કહ્યું કે ચૈતરનો મીડિયા ઈન્ટરવ્યૂ થવો જોઈએ નહીં. સાથે જ ચૈતરની હાઇકોર્ટમાં થયેલી અરજીની સુનાવણીમાં ખોટું રિપોર્ટિંગ થયાની નારાજગી વ્યક્ત કરી હતી. ચૈતરના વકીલે આ મામલે અને કોર્ટની અન્ય શરતો પાળવા કોર્ટને બાહેંધરી આપી છે.કોર્ટે કહ્યું હતું કે એક તરફ રાજ્ય વિધાનસભામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપે અને કોર્ટમાં હંગામી જામીનનો વિરોધ કરે આવું બેવડું વલણ શા માટે? ત્યારે સરકારી વકીલે કહ્યું કે સરકારી વિધાનસભાના નિયમો મુજબ આમંત્રણ આપવું પડે. સરકારી વકીલે જામીનનો વિરોધ કરતા કહ્યું હતું કે ૩ દિવસના સત્ર માટે ૩ દિવસના જ જામીન આપો. કોઈ પોલિટિકલ એક્ટિવિટીમાં જોડાય નહીં, મીડિયાને સંબોધન કરે નહીં.



## આસામની ધ્રુજાવનારી મર્ડરની ઘટના

# પતિએ પત્નીની હત્યા કરી માથું કાપીને ફ્રીજમાં રાખ્યું

### હાથની આંગળીઓ કાપી કાળી કોથળીમાં ભરી, બંધ ફ્લેટમાંથી દુર્ગંધ આવતાં ખુલાસો


**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીના બહુચર્ચિત શ્રદ્ધા વાલ્કર હત્યાકાંડ જેવી જ એક અત્યંત સનસનાટીભરી અને હૃદયકંપાવનારી ઘટના આસામની રાજધાની ગુવાહાટીમાંથી સામે આવી છે. ગુવાહાટીના હાટીગામ વિસ્તારમાં આવેલા વસિષ્ઠપુર બાયલેન ખાતે 30 વર્ષીય પતિ રામાનુજ ગોસ્વામીએ પોતાની ૨૫ વર્ષીય પત્ની રિયા તાલુકાદારની નિર્મમ હત્યા કરી, તેના મૃતદેહના ટુકડા ફ્રિજમાં છુપાવી દીધા હતા. આ ખૌફનાક વારદાતનો ખુલાસો થતાં જ સમગ્ર વિસ્તારમાં ભારે સન્સનાટી મચી ગઈ છે, જ્યારે પોલીસે તપાસ શરૂ કરતાં જ આરોપી પતિએ પોતે જઈને સરેન્ડર કરી દીધું છે.

મૃતક રિયા ફેન્સી બજારના એસી માર્કેટ વિસ્તારમાં આવેલા એક બુટિકમાં કામ કરતી હતી. બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર રિયાના પરિવારમાં માત્ર તેનો એક ભાઈ છે. તેના થોડાં મહિના પહેલાં જ રામાનુજ ગોસ્વામી સાથે લગ્ન થયા હતા અને બંને હાટીગામના એક ફ્લેટમાં ભાડે રહેતાં હતાં. પ્રાથમિક તપાસ મુજબ, સોમવારે બંને વચ્ચે કોઈ વાતને લઈને ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદ રામાનુજ રાત્રે આશરે ૮ વાગ્યે ઘર છોડીને નીકળી ગયો હતો.

આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે મંગળવારે આસપાસના લોકોને ફ્લેટમાંથી તીવ્ર દુર્ગંધ આવવા લાગી. દંપતી છેલ્લા બે દિવસથી દેખાયું ન હોવાથી અને બંનેના ફોન પણ સ્વિચ ઓફ આવતાં પડોશીઓએ તરત જ હાટીગામ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ફ્લેટનો દરવાજો તોડીને તપાસ કરી તો ઘરમાંથી રિયાનો સડી ગયેલો અને ગરદન વિનાનો મૃતદેહ મળી આવ્યો હતો, જેની આંગળીઓ પણ અડધી કપાયેલી હતી. ઘરની ઝીણવટભરી તલાશી લેતાં ફ્રિજની અંદર કાળા રંગની પ્લાસ્ટિકની બેગમાં મુકેલું મૃતકનું માથું મળી આવ્યું હતું. પોલીસે તુરંત જ ધડ અને માથાનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા.

પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ આ ક્રૂર હત્યા મૃતદેહ મળ્યાના ૨૪ થી ૪૮ કલાક પહેલાં જ કરવામાં આવી હતી. ઘટના સામે આવ્યા બાદ ફરાર થઈ ગયેલા પતિ રામાનુજે પોલીસના વધતા દબાણને કારણે સામેથી જઈને સરેન્ડર કરી દીધું હતું. પોલીસે તેને કસ્ટડીમાં લઈને પૂછપરછ શરૂ કરી દીધી છે.

### હત્યા કેમ કરી? રહસ્ય હજુ પણ અકબંધ

પોલીસે હજુ સુધી હત્યા પાછળના મુખ્ય કારણનો ખુલાસો કર્યો નથી. પતિએ કઈ પરિસ્થિતિમાં સરેન્ડર કર્યું અને આ ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ, તે તમામ પાસાઓ પર તપાસ ચાલી રહી છે. કૌટુંબિક ઝઘડો કે અન્ય કોઈ કારણસર આ હેવાનિયત આચરવામાં આવી છે, તે પોલીસની ઊંડી પૂછપરછ બાદ જ સ્પષ્ટ થશે.




### નાગપૂરમાં યામિની ગણેશોત્સવ સમારોહ પહેલા ડાન્સ પ્રેકટિસ માટે નીકળવાની તૈયારી કરી રહી હતી

# પત્નીએ જમવાનું બનાવવાની ના પાડતા પતિએ ગળું દબાવી દીધું

### પત્નિએ કહ્યું જાતે બનાવી લો ડાન્સ ક્લાસમાં જવું છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

નાગપુરમાં ૪૧ વર્ષના એક વ્યક્તિએ જમવાનું બનાવવાને લઈને થયેલા વિવાદ બાદ પોતાની પત્નીનું કથિત રીતે ગળું દબાવીને હત્યા કરી દીધી. ઘટના બુધવારે રાત્રે જિંગાબાઈ ટાકળી ખાતે તેમના ઘરમાં બની હતી. આરોપીની ઓળખ કૃષ્ણકાંત યાદવ તરીકે થઈ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, કૃષ્ણકાંત રાત્રે ૯:૪૫ વાગ્યે ઘરે પાછો ફર્યો હતો. તેણે પત્ની યામિનીને પોતાના અને બાળકો માટે ભોજન બનાવવાનું કહ્યું. તે સમયે યામિની સોસાયટીમાં ચાલી રહેલા ડાન્સ ક્લાસમાં જવાની તૈયારી કરી રહી હતી. તેણે ભોજન બનાવવાની ના પાડી દીધી, જેના પછી બંને વચ્ચે ઝઘડો શરૂ થયો. યામિની ગણેશોત્સવ સમારોહ પહેલા ડાન્સ પ્રેક્ટિસ માટે નીકળવાની તૈયારી કરી રહી હતી. તેણે કૃષ્ણકાંતને જાતે ભોજન બનાવી લેવા કહ્યું, જે બાદ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ.

આરોપ છે કે ઝઘડો વધ્યા પછી કૃષ્ણ લાલે બંને બાળકોની સામે યામિનીના ગળા અને પેટ પર મુક્કા મારી હુમલો કર્યો. પોલીસના જણાવ્યા અનુસાર, આ દરમિયાન યામિનીએ પણ પતિ સાથે ઝપાઝપી કરી હતી. ઘટના સમયે કૃષ્ણ લાલ દારૂના નશામાં હોવાની વાત પણ સામે આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, બોલાચાલી દરમિયાન કૃષ્ણકાંતે યામિનીનું ગળું દબાવી દીધું. તેણે યામિનીને ઘણી વાર મુક્કા માર્યા અને પલંગ પર ફેંકી દીધી. યામિનીએ બેચેનીની ફરિયાદ કરી તો કૃષ્ણકાંત દવાઓ લેવા બહાર ગયો.

સ્થિતિ બગડતા કૃષ્ણકાંત યામિનીને હોસ્પિટલ લઈ ગયો. ત્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કરી.

મંકાપુર પોલીસે શરૂઆતમાં આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં યામિનીનું ગળું દબાવીને મૃત્યુ થયું હોવાનું સામે આવ્યું. આ પછી પોલીસે હત્યાનો કેસ નોંધીને કૃષ્ણકાંતની ધરપકડ કરી લીધી.

કૃષ્ણકાંત અને યામિની લગભગ એક વર્ષ પહેલાં ઉત્તર પ્રદેશથી નાગપુર આવ્યા હતા. કૃષ્ણકાંત એક ઈન્સ્યોરન્સ કંપનીમાં કામ કરે છે, જ્યારે યામિની ગૃહિણી હતી. બંનેને એક દીકરો અને એક દીકરી છે.

બિલ્ડિંગની PG માં વિદ્યાર્થીઓ હતા મૃત્યુઆંક વધવાની સંભાવના

# દિલ્હીમાં બિલ્ડિંગ ધરાશાયી 8ના મોત



## ડેપ્યુટી કમિશનર સહિત 5 અધિકારી સસ્પેન્ડ : બિલ્ડીંગ માલિકની રાજસ્થાનથી ધરપકડ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીમાં રવિવારે બપોરે ધરાશાયી થયેલી બિલ્ડિંગનો કાટમાળ હજુ પણ હટાવવામાં આવી રહ્યો છે. સોમવારે કાટમાળમાંથી વધુ એક મૃતદેહ મળી આવ્યો છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે અને ૧૨ લોકોને બચાવી લેવાયા છે. સત્ય નિકેતન દુર્ઘટના પર દિલ્હી સરકારે MCDના ડેપ્યુટી કમિશનર, એક્ઝિક્યુટિવ એન્જિનિયર, સુપરિન્ટેન્ડન્ટ એન્જિનિયર, આસિસ્ટન્ટ એન્જિનિયર અને જુનિયર એન્જિનિયરને સસ્પેન્ડ કર્યા છે. ૫ લોકો ગંભીર રીતે ઘાયલ છે, જેમને AIIMSમાં દાખલ કરવામાં આવ્યા છે. હજુ પણ ઘણા લોકો દટાયેલા હોવાની આશંકા છે. સ્નિફર ડોગ અને કેમેરાની મદદથી લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે.બિલ્ડિંગના માલિક હરિરામ બંસલ વિરુદ્ધ લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી છે. લુકઆઉટ નોટિસ એક એવું એલર્ટ છે, જેના દ્વારા તપાસ એજન્સી કોઈ વ્યક્તિ વિદેશ જાય ત્યારે તેને એરપોર્ટ કે સરહદ પર રોકવા માટે ઈમિગ્રેશન અધિકારીઓને નિર્દેશ આપે છે. આ દુર્ઘટના દિલ્હી યુનિવર્સિટીના સાઉથ કેમ્પસ પાસે સત્ય નિકેતનમાં રવિવારે બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે બની હતી. ધરાશાયી થયેલી બિલ્ડિંગ લગભગ ૪૦ વર્ષ જૂની હતી. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)ના રેકોર્ડમાં આ બિલ્ડિંગને ભયજનક જાહેર કરવામાં આવી ન હતી.

સ્થાનિક લોકોના મતે, બિલ્ડિંગના બેઝમેન્ટમાં છેલ્લા ૭ દિવસથી તોડફોડનું કામ ચાલી રહ્યું હતું. બેઝમેન્ટ પહેલેથી જ નબળું હતું અને તેમાં પાણી પણ ભરાયેલું હતું. ખોદકામ દરમિયાન એક પિલર ખસી ગયો, જેના કારણે આખી બિલ્ડિંગ ધરાશાયી થઈ ગઈ. દુર્ઘટના સમયે ત્યાં કામ કરી રહેલા મજૂરો પણ કાટમાળમાં દટાઈ ગયા હતા. ઈમારત પાસે બનેલી બીજી બિલ્ડિંગને પણ ખાલી કરાવી લેવામાં આવી છે. તેમાં તિરાડો દેખાઈ છે. રેસ્ક્યુ ટીમ મુજબ, કાટમાળ હટાવતી વખતે આ બિલ્ડિંગ પણ પડી જવાનું જોખમ છે. તેને સુરક્ષિત રાખવા માટે સપોર્ટ આપતા પિલર લગાવવામાં આવી રહ્યા છે.

ઉત્તરાખંડના 3 જિલ્લામાં શાળાઓ બંધ

# બિહારમાં પૂર 23 લાખ લોકો પ્રભાવિત



**સિટી ન્યૂઝ@બિહાર**

બિહારમાં ગંગા, કોસી, ગંડક, બૂઢી ગંડક, પુનપુન અને બાગમતી નદીઓમાં પૂર આવવાથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યના ૧૨ જિલ્લામાં ૨૨.૪૨ લાખ લોકો પ્રભાવિત થયા છે. ભાગલપુરમાં રિંગ ડેમ ઓવરફ્લો થવાથી સુલતાનગંજ નજીકના લગભગ ૪ હજાર ઘરો પાણીમાં ડૂબી ગયા.યુપીમાં ચોમાસાનો વરસાદ સતત ચાલુ છે. બરેલીમાં રવિવારે બપોરથી અટકી-અટકીને થઈ રહેલા વરસાદને કારણે ફાયર સ્ટેશનમાં ૩ ફૂટ સુધી પાણી ભરાઈ ગયું. જ્યારે, ઘરોના રસોડા અને બેડરૂમ સુધી ઘૂંટણ સુધી પાણી પહોંચી ગયું. જ્યારે, ઉત્તરાખંડમાં વરસાદને કારણે અલ્મોડા, નૈનીતાલ અને ચંપાવતમાં આંગણવાડી કેન્દ્રો સાથે તમામ શાળાઓમાં આજે રજા જાહેર કરવામાં આવી છે. કેદારનાથ પગપાળા માર્ગ પર પહાડી પરથી પડેલા પથ્થરની ઝપેટમાં આવવાથી એક મહિલાનું મોત થયું.

પિકઅપ વાહન ડિવાઈડર સાથે અથડાયા બાદ પલટી ગઈ

# યુપીના બાગપતમાં અકસ્માત 12નાં મોત

**સિટી ન્યૂઝ@ઉત્તર પ્રદેશ**




ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લામાં ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે પર રવિવારે મોડી રાત્રે યાત્રાળુઓ ભરેલી પિકઅપને અકસ્માત નડતાં ૧૨ લોકોનાં મોત થયા છે. અકસ્માતમાં અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થતાં તેમને મેરઠ અને દિલ્હી સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ પિકઅપમાં કુલ ૩૨ યાત્રાળુ સવાર હતા. તમામ બદાયૂં જિલ્લાના અલ્હાપુર ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. તેઓ રાજસ્થાનના બાગડ ધામની યાત્રાએથી પરત ફરી રહ્યા હતા ત્યારે બારાગાંવ કટ નજીક કેન્ટર ટ્રકે પિકઅપને ટક્કર મારી હતી. ટક્કર બાદ પિકઅપ ડિવાઈડર સાથે અથડાઈ પલટી ગઈ હતી.અકસ્મતમાં કેટલાક યાત્રાળુઓ વાહનની નીચે ફસાઈ ગયા હતા. ખેકરા પોલીસ અને સ્થાનિક લોકોએ બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘાયલોને વિવિધ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જેમાં ગંભીર ૧૪ જેટલા લોકોને મેરઠ મેડિકલ કોલેજ રિફર કરાયા હતા. સારવાર દરમિયાન વધુ લોકોનાં મોત થતાં મૃત્યુઆંક ૧૨ થયો હતો.

ઘટનાની જાણ થતાં જિલ્લા મેજિસ્ટ્રેટ અસ્મિતા લાલ અને પોલીસ અધિક્ષક સૂરજ કુમાર રાય હોસ્પિટલ પહોંચ્યા હતા. પોલીસે અકસ્માતનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે. પરિવારજનો માટે માહિતી મેળવવા હેલ્પલાઇન નંબર 9454417383 જાહેર કરવામાં આવ્યો છે.




### વિશ્વ હિન્દુ પરિષદની જાહેરાત

# મહારાષ્ટ્રમાં નવરાત્રિમાં મુસ્લિમોને નો એન્ટ્રી

## VHP એ કહ્યું કોઈ સમુદાયનો વિરોધ નથી, તહેવારો એ હિન્દુ સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ છે એનું મૂલ્ય અમે ઓછું નહીં થવા દઈએ

**સિટી ન્યૂઝ@મુંબઈ**

વિશ્વ હિંદુ પરિષદ એટલે કે VHPએ મહારાષ્ટ્રમાં આ વખતે નવરાત્રિના આયોજનોમાં મુસ્લિમોના સામેલ થવા પર રોક લગાવવાની જાહેરાત કરી છે. તેણે નવરાત્રિ અંતર્ગત ગરબા અને દાંડિયા આયોજનોને લઈને નવી ગાઈડલાઈન જાહેર કરી છે. VHP એ કહ્યું છે કે સમગ્ર રાજ્યમાં ગરબા, દાંડિયા જેવા નવરાત્રિના આયોજનોમાં મુસ્લિમોને પ્રવેશ આપવામાં આવશે નહીં. આ ઉપરાંત કાર્યક્રમોમાં આવનારા લોકોના આધાર કાર્ડની તપાસ કરવામાં આવશે અને તેમના કપાળ પર તિલક લગાવવું ફરજિયાત રહેશે.



વિશ્વ હિન્દુ પરિષદ (VHP) એ મહારાષ્ટ્રમાં નવરાત્રિ દરમિયાન ગરબા-દાંડિયામાં મુસ્લિમોને સામેલ ન થવા દેવાનો નિર્ણય કર્યો છે. VHPએ આયોજકો માટે નિયમો નક્કી કર્યા છે. આમાં આવનારાઓના આધાર કાર્ડની તપાસ અને હિન્દુ ઓળખની પુષ્ટિ માટે કપાળ પર તિલક લગાવવાનું કહેવામાં આવ્યું છે.

રાજ્યમાં નવરાત્રિમાં એક લાખથી વધુ જગ્યાએ ગરબા થાય છે. VHPએ કહ્યું - લવ જેહાદ રોકવા માટે નિયમો બનાવવામાં આવ્યા છે.

VHPનો આ નિર્ણય ત્યારે આવ્યો છે જ્યારે તાજેતરમાં ન્યૂયોર્કમાં RSS પ્રમુખ મોહન ભાગવતે તમામ ધર્મોના સન્માન અને સામાજિક સમરસતા પર ભાર મૂક્યો હતો. વીએચપીનો આ નિર્ણય ત્યારે આવ્યો છે જ્યારે થોડા દિવસો પહેલા જ આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે જો કોઈ હિન્દુ એવું વિચારે કે ભારતમાં મુસ્લિમો માટે જગ્યા ન હોવી જોઈએ તો તે હિન્દુ રહી શકે નહીં.

### VHP બોલી–નવરાત્રિ દેવીની આરાધનાનો પર્વ

વિહિપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સંયુક્ત સચિવ શ્રીરાજ નાયરે કહ્યું- નવરાત્રિ માત્ર નાચ-ગાનનો કાર્યક્રમ નથી, પરંતુ દેવીની આરાધનાનો પર્વ છે. પ્રતિબંધોનો હેતુ કોઈ સમુદાયનો વિરોધ કરવાનો નથી. વિહિપ તેને સાવચેતીના પગલાં માને છે. તેમણે કહ્યું કે નિયમોનું પાલન કરાવવા માટે ગરબા મંડપોમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના નિરીક્ષણ દળો તૈનાત રહેશે.

### રાજ ઠાકરેનો ચોંકાવનારો દાવો

# મુંબઈમાં ગણેશોત્સવમાં કોમી રમખાણો થવાની શક્યતા : રાજ ઠાકરે

## હિન્દુ અને મુસ્લિમ સમુદાયના નાગરિકોને સતર્ક રહેવા કહ્યું



**સિટી ન્યૂઝ@મુંબઈ**

દહીહંડીની ઉજવણી દરમ્યાન સ્ટેજ પર થતા અશ્લીલ ડાન્સની કડક ટીકા કરીને રાજ ઠાકરેએ પ્રશ્ન કર્યો હતો કે 'તમે અહીં ઉત્તર ભારતીય સંસ્કૃતિ કેમ લાવી રહ્યા છો? કાર્યક્રમોમાં આવા ડાન્સ ઉત્તર પ્રદેશ અને બિહારમાં થાય છે. આપણે એને આપણા પોતાના તહેવારોમાં કેમ સમાવવા જોઈએ?'

થાણેમાં ગઈ કાલે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના ચીફ રાજ ઠાકરેએ પાર્ટીના કાર્યકરોને સંબોધ્યા હતા.એમાં તેમણે દાવો કર્યો હતો કે સોશ્યલ મીડિયા દ્વારા સમાજમાં ગુસ્સો પેદા કરવામાં આવી રહ્યો છે અને લોકોને જાતિ અને ધાર્મિક વિવાદોમાં ફસાવવામાં આવી રહ્યા છે. એને પગલે રાજ ઠાકરેએ ગણેશોત્સવમાં કોમી રમખાણો થવાની શક્યતા પણ દર્શાવી હતી.ગણેશોત્સવમાં કોમી રમખાણની સંભાવના જતાવીને રાજ ઠાકરેએ હિન્દુ અને મુસ્લિમ બન્ને સમુદાયના નાગરિકોને સતર્ક રહેવા અને સામાજિક-આર્થિક પડકારોથી જનતાનું ધ્યાન ભટકાવવા માટે ધાર્મિક સંઘર્ષ ઉશ્કેરવા માટે રચવામાં આવેલા ફંદામાં ન ફસાવાની વિનંતી કરી હતી.

રાજ ઠાકરેએ કાર્યકરોને સંબોધતાં કહ્યું હતું કે 'આજે તમને બોલાવ્યા છે કારણ કે મને કેટલાંક જોખમો જણાઈ રહ્યાં છે. તમને બધાને જાણીજોઈને ગૂંચવી નાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અત્યારે તમે જુઓ તો દેશમાં ધાર્મિક ગાંડપણ દેખાઈ રહ્યું છે. ભગવાન પર શ્રદ્ધા, ધર્મનું અભિમાન હોય ત્યાં સુધી સમજી શકાય, પણ ગાંડપણ નહીં. હવે દેશભરમાં એક ચોક્કસ પ્રકારનું વાતાવરણ તૈયાર કરાઈ રહ્યું છે. ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને અન્ય માધ્યમો દ્વારા એ તમારા સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. તમારામાં એક ગુસ્સો ઊભો કરાઈ રહ્યો છે જેને કારણે અન્ય બાબતો તરફ બેધ્યાન બની જાઓ અને પ્રશ્નો ઉઠાવતા બંધ થઈ જાઓ. ગણેશોત્સવમાં પણ કોઈને ઘુસાડીને આ લોકો રમખાણો કરાવશે અને આપણા છોકરાઓ ફસાશે એટલે સતર્ક રહેજો.'

### બાપ્પાને વિદાય કરવાનું દુખ હોવું જોઈએ, DJ વગાડીને નાચો છો કેમ? : રાજ ઠાકરે

તહેવારોમાં DJ અને ડૉલ્બી સિસ્ટમ બાબતે પણ રાજ ઠાકરેએ પોતાની ભૂમિકા સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે 'તહેવારો ઊજવો, પણ ડૉલ્બી અને ડિસ્ક જૉકી (DJ)નો ઉપયોગ કેમ કરો છો? આપણી પરંપરા મુજબ તહેવારો કેમ ઊજવવામાં આવતા નથી? તમે ગણપતિને આટલી ભક્તિથી ઘરે લાવો છો છતાં વિસર્જન દરમ્યાન નાચો છો એ કેવો આનંદ છે? હું મારા ઘરે દોઢ દિવસ માટે ગણપતિનું આયોજન કરું છું. આપણે જ્યારે મૂર્તિ લઈ જઈએ છીએ ત્યારે ઘર ખાલી લાગે છે. એમાં DJ વગાડીને આપણે આનંદ મેળવીને ડાન્સ કેવી રીતે કરી શકીએ?'

### બજારમાં દારૂ વેચે તે પહેલા જ પોલીસે 5 આરોપીઓને ઝડપી લીધા

# મોરબીમાં 'નકલી વિદેશી દારૂ'ની મિની ફેક્ટરીનો પર્દાફાશ !

## 600 લીટર જોખમી કેમિકલ સહિત 20 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો

**સિટી ન્યૂઝ@મોરબી**





ભાવનગરમાં તાજેતરમાં લઠ્ઠાકાંડથી ૧૩ લોકોના મોત થયા હતા. આ ઘટનાની હજુ શાહી સુકાઈ નથી ત્યા હવે મોરબીના મોટા દહીસરા ગામેથી નકલી વિદેશી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. LCBની ટીમે સ્થાનિક પોલીસ સાથે મળી અહિં દરોડો પાડ્યો હતો. પોલીસે ૫ આરોપીઓની ધરપકડ કરી રૂ. ૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.LCBની ટીમને માહિતી મળી હતી કે, મોટા દહીસરા ગામ પાસે કૃષ્ણનગરમાં રહેતા મહેશ ઉર્ફે મુન્ના અને અજયસિંહ જાડેજા પોતાના મકાનમાં કેમિકલમાંથી નકલી વિદેશી દારૂ બનાવે છે. તેઓ આ દારૂને કાચની બોટલોમાં પેક કરીને વેચવાની તૈયારી કરી રહ્યા હતા. જેના આધારે પોલીસે મોટા દહીસરા ગામે મકાનમાં દરોડો પાડ્યો હતો. જેમાં ૨ ડ્રમમાંથી ૪૦૦ લિટર આલ્કોહોલ જેવું કેમિકલ અને ૧ ડ્રમમાંથી કેમિકલ, પાણી, કલર, એસેન્સ અને પ્રિઝર્વેટિવ મિશ્રિત ૨૦૦ લિટર પ્રવાહી મળ્યું હતું. આ ઉપરાંત, પ્રવાહી ખેંચવાની ઈલેક્ટ્રિક મોટર, પ્લાસ્ટિકની નળીઓ અને આલ્કોહોલની ક્ષમતા માપવાનું મીટર સહિતની વસ્તુઓ પણ મળી આવી હતી. બોટલિંગ અને પેકેજિંગ માટે ૧૪૦૦ જેટલી ખાલી બોટલો, બોટલના બુચ, બાર કોડ અને ક્યુઆર કોડના સ્ટીકર, પાણીના ૨૦ લિટરના જગ, બ્લેન્ડર સ્પાઈડ વ્હિસ્કીના સ્ટીકર અને પૂંઠા તેમજ બોટલિંગ અને પેકેજિંગના અન્ય સાધનો પણ મળ્યા હતા.પોલીસે નકલી વિદેશી દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવાતું કુલ ૬૦૦ લિટર કેમિકલ, દારૂની મોટી બોટલોની ૨૩ પેટી, રૂ. ૬.૫૦ લાખ રોકડા અને એક કાર સહિત કુલ ૨૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીઓ બજારમાં નકલી વિદેશી દારૂ વેચે તે પહેલા જ તેમને ઝડપી પાડ્યા હતા.

### ANW યુનિટમાં 1 PI, 2 PSI, 2 ASI, 4 કોન્સ્ટેબલ મળી 8 અધિકારી–કર્મચારીનું મહેકમ

# ગુજરાતમાં દરેક શહેરમાં ડેડિકેટેડ એન્ટી નાર્કોટિક્સ વિંગ કાર્યરત થશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત પોલીસે માત્ર પોતાના રાજ્યમાં જ નહીં, પરંતુ અન્ય રાજ્યોના યુવાધનને પણ નશાના રવાડે ચડતું અટકાવ્યું છે ત્યારે હવે ગુજરાતમાં દરેક જિલ્લા અને શહેરોમાં ડેડિકેટેડ 'એન્ટી નાર્કોટિક્સ વિંગ' કાર્યરત કરવા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં દરેક શહેર જિલ્લાઓમાં LCB, SOG-લોકલ પોલીસની ટીમ નશીલા પદાર્થ વિરુદ્ધ કેસીસ કરે છે.હવે આ કામ તેના ઉપરાંત ડેડીકેટેડ 'એન્ટી નાર્કોટિક્સ વિંગ' દ્વારા પણ કરવામાં આવશે. પાંચ વર્ષમાં ગુજરાત પોલીસે NDPS એક્ટ હેઠળ ૩,૭૦૦થી વધુ ગુના નોંધી ૫,૩૪૬ આરોપીઓની ધરપકડ કરી છે. આ સમયગાળા દરમિયાન આશરે રૂ. ૧૩,૬૦૦ કરોડથી વધુ કિંમતનો ૧.૩૬ લાખ કિલોગ્રામથી વધુનો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખવામાં આવી છે.રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા વધુ એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય કક્ષાએ કાર્યરત એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF)ની જેમ હવે દરેક જિલ્લા અને કમિશનરેટ કક્ષાએ 'એન્ટી નાર્કોટિક્સ વિંગ' (ANW) સ્થાપવાનો આદેશ જારી કરાયો છે. એટલું જ નહીં, આગામી ૭ દિવસમાં આ તમામ યુનિટ્સ કાર્યરત કરી દેવાનો આદેશ અપાયો છે.

### રાજકોટના બાળકો માટે ખાસ વ્યવસ્થા ઉભી કરાશે

# ગાંધી મ્યુઝિયમમાં ગેમઝોન બનશે

### અમૂલ પાર્લર, બુકફેર કે કોન્ફરન્સ માટે હોલની સુવિધા કરાશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગાંધીજીના જીવન ચરિત્રને આધુનિક ટેકનોલોજીથી દર્શાવતા રાજકોટના ગાંધી મ્યુઝિયમમાં મનપા નવા આકર્ષણો ઉમેરશે. ૩૦ સપ્ટે- ૨૦૧૮ના રોજ વડાપ્રધાન મોદીનાં હસ્તે લોકાર્પિત રૂ. ૨૬ કરોડથી વધુના ખર્ચે બનેલા આ મ્યુઝિયમનાં પરિસરમાં બાળકો માટે ખાસ સુરક્ષિત ગેમઝોન, જ્યુબિલી રોડ તરફ અમૂલ ડેરી પાર્લર, બુકફેર કે કોન્ફરન્સ માટે હોલ સુવિધા અને ત્રણેય ભાષાના ગાઈડની સેવાઓ શરૂ કરાશે.ઉપરાંત 'ચરખા રેસ્ટોરન્ટ'ને વધુ જગ્યા ફાળવાશે. એટલું જ નહીં ગાંધીજીનાં જીવનને પ્રદર્શિત કરવા મ્યુઝિયમ પરિસરમાં યોજાતા ૨૦ મિનિટના નિશુલ્ક લેસર શોનો વધુ પ્રચાર કરી જરૂર પડ્યે તેનો સમય વધારવા અંગે પણ વિચારણા કરવામાં આવી રહી છે. એસ્ટેટ વિભાગના અધિકારી મેહુલ ગાંધીએ કહ્યું હતું કે, મ્યુઝિયમની જાળવણી, સફાઈ અને લાઈબ્રેરીમાં ચોમાસા દરમિયાન ભેજ- ઉધઈ લાગવાની ફરિયાદો આવ્યા બાદ મનપાએ તેની વ્યવસ્થા અને આવકમાં વધારો કરવા નવા ટેન્ડર પ્રસિદ્ધ કર્યા છે, જેમાં હાલમાં સંચાલન કરતી એજન્સી સહિત બે એજન્સીઓએ રસ દાખવ્યો છે. 'બાળકો માટે ગેમઝોન શરૂ કરાશે, જેનું માસિક ભાડું રૂ. ૩૦,૦૦૦ રાખવામાં આવ્યું છે. આ સિવાય પરિસરમાં આવેલી 'ચરખા રેસ્ટોરન્ટ'ની લોકપ્રિયતાને ધ્યાને રાખીને તેને વધુ જગ્યા ફાળવી તેનું વર્તમાન માસિક ભાડું રૂ. ૫૦,૦૦૦ થી વધારીને રૂ. ૮૦,૦૦૦થી વધુ રાખવાનું આયોજન છે.

## એર ઈન્ડિયાની ફ્લાઈટ અબુધાબી જઈ રહી હતી

# ભારે કરી ; આકાશમાં પ્લેનનું ફ્લૂઅલ ઓછું થયું

### 1 એન્જિન પર કોચીમાં ઈમરજન્સી લેન્ડિંગ




**સિટી ન્યૂઝ@કોચી**

એર ઈન્ડિયા એક્સપ્રેસની અબુ ધાબી જઈ રહેલી ફ્લાઇટને ઉડાન દરમિયાન ટેકનિકલ ખામીને કારણે કોચી પરત ફરવું પડ્યું. વિમાન લગભગ ૩૬ હજાર ફૂટની ઊંચાઈ પર હતું, ત્યારે એન્જિન-૧માં ફ્યુઅલની માત્રા ઝડપથી ઘટવા લાગી. થોડા સમય પછી ફ્યુઅલનું દબાણ ખતરાની સીમા એટલે કે રેડ ઝોનમાં પહોંચી ગયું. આ પછી પાઈલટોએ એન્જિન-૧ બંધ કરી દીધું.

આ ઘટના ૭ સપ્ટેમ્બરની છે. તેની જાણકારી ન્યૂઝ એજન્સી ANIએ સૂત્રોના હવાલેથી આપી. એર ઈન્ડિયા એક્સપ્રેસ અને DGCA તરફથી ઘટના પર હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. પાઈલટોને વિમાનના ઉડાન ભર્યાના લગભગ ૫૦ મિનિટ પછી એન્જિન-૧માં ફ્યુઅલની માત્રા ઝડપથી ઘટતી જોવા મળી. આ પછી ક્રૂએ FORDEC અસેસમેન્ટ કર્યું. આ પછી ઉડાન રદ કરીને કોચી પરત ફરવાનો નિર્ણય લેવામાં આવ્યો. કમાન્ડરે હાઈ ફ્રિક્વન્સી પર મુંબઈ રેડિયોનો સંપર્ક કર્યો. ATCને વિમાનના કોચી પરત ફરવાની જાણકારી આપી.




### ઉડાન ભરતા જ ટેક્નિકલ ખામી સર્જાઈ

# લંડન જઈ રહેલી ફ્લાઈટનું બેંગ્લુરૂમાં ઈમરજન્સી લેન્ડિંગ

### અડધો કલાક આકાશમાં ચક્કર લગાવ્યા બાદ પ્લેન ઉતર્યુ

**સિટી ન્યૂઝ@બેંગ્લુરૂ**

લંડન જઈ રહેલી વર્જિન એટલાન્ટિકની ફ્લાઇટને ઉડાન ભર્યાના થોડા સમય બાદ ટેકનિકલ ખામીના કારણે બેંગલુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું. વિમાનમાં ૨૭૦ મુસાફરો સવાર હતા.

એરપોર્ટના સંચાલક બેંગલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (BIAL)ના સૂત્રોએ જણાવ્યું કે વિમાને સવારે લગભગ ૮:૨૦ વાગ્યે એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી, પરંતુ ઉડાન ભર્યાના તરત જ તેમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. આના કારણે તુમકુરુ નજીક પ્લેને અડધા કલાકથી વધુ સમય સુધી ચક્કર લગાવ્યા અને પછી સાવચેતીના ભાગરૂપે બેંગલુરુ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કર્યું. વિમાનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે.

### અમેરિકાના મિયામી એરપોર્ટની ઘટના

# લેન્ડિંગ વખતે રનવે ક્રોસ કરી પ્લેન ગાડીઓ સાથે અથડાતા 5 લોકો જીવતા ભૂંજાયા

**સિટી ન્યૂઝ@મિયામી**

અમેરિકાના મિયામી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રવિવારે એક બોઈંગ કાર્ગો પ્લેન લેન્ડિંગ પછી રનવે પરથી બહાર નીકળી ગયું. આ દરમિયાન પ્લેન ઘણી ગાડીઓ સાથે અથડાયું અને તેમાં ભીષણ આગ લાગી ગઈ. અકસ્માતમાં ઓછામાં ઓછા ૫ લોકોના મોત થયા, જ્યારે અન્ય ૫ ઘાયલ થયા છે. તેમાંથી ૩ની હાલત ગંભીર છે.

અકસ્માત સ્થાનિક સમય અનુસાર રવિવારે બપોરે લગભગ ૨ વાગ્યે થયો. આ પ્લેન એમેઝોનના પ્રાઇમ એર નેટવર્ક માટે સંચાલિત થઈ રહ્યું હતું. વિમાન પ્યુર્ટો રિકોના લુઈસ મુનોઝ મારિન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભરીને મિયામી પહોંચ્યું હતું.



અમેરિકાના મિયામી એરપોર્ટ પર રનવે પરથી બહાર નીકળેલા એમેઝોન કાર્ગો વિમાન પાસે ટેસ્લાની સાયબરકેબ ઊભી છે. અમેરિકાના મિયામી એરપોર્ટ પર રનવે પરથી બહાર નીકળેલા એમેઝોન કાર્ગો વિમાન પાસે ટેસ્લાની સાયબરકેબ ઊભી છે.

વિમાનની ઝપેટમાં આવેલી ઘણી ગાડીઓમાં લોકો ફસાઈ ગયા હતા. તે જ સમયે, વિમાનના પાયલટ અને કો-પાયલટ પણ કોકપિટમાં ફસાયેલા હતા. મિયામી-ડેડ ફાયર રેસ્ક્યુની ૬૦ થી વધુ યુનિટ ઘટનાસ્થળે પહોંચી. લગભગ ૨૦૦ થી વધુ ઈમરજન્સી કર્મચારીઓને બચાવ અભિયાનમાં લગાવવામાં આવ્યા. ટીમોએ ખાસ ફોમની મદદથી વિમાનમાં લાગેલી આગ બુઝાવી અને ફસાયેલા લોકોને બહાર કાઢ્યા. દુર્ઘટનાના ઘણા કલાકો પછી પણ વિમાનમાંથી ઈંધણ લીકેજની સમસ્યા ચાલુ રહી હતી. એર ટ્રાફિક કંટ્રોલના રેકોર્ડિંગમાં એક ગ્રાઉન્ડ વ્હીકલ દ્વારા ટાવરને સૂચના આપતા સાંભળવામાં આવ્યું કે વિમાન રનવે 30 થી આગળ નીકળી ગયું છે. CNN અને અન્ય મીડિયા સંસ્થાઓએ ATC રેકોર્ડિંગની સમીક્ષા કરી છે.

# AAPનું 56,000 બુથો મજબૂત કરવાનું "એક મહિના સુધી બુથ અભિયાન"

## 10 સપ્ટેમ્બરથી 10 ઓક્ટોબર સુધી દરેક બુથમાં બેઠક; 2500થી વધુ હોદ્દેદારોની નિમણૂક, 600થી વધુ નેતાઓની હાજરી

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય અને પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ ગુજરાતમાં એક મહિના સુધી ચાલનારા બુથ સંગઠન નિર્માણ અભિયાનની જાહેરાત કરી છે. ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને શરૂ થનારા આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના ૫૬,૦૦૦ બુથો સુધી પાર્ટીનું સંગઠન વધુ મજબૂત અને સક્રિય બનાવવાનો છે.

ગોપાલ રાયના જણાવ્યા મુજબ, આજે યોજાયેલા વિશેષ મંથનમાં ૬૦૦થી વધુ પ્રદેશ તથા વિધાનસભા સ્તરના પદાધિકારીઓ અને નેતાઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન જનતાના હક-અધિકારના મુદ્દે આંદોલનની આગામી રણનીતિ પર ચર્ચા કરવામાં આવી હતી. દરેક બુથ પર સંગઠન ઊભું કરવા માટે ૨,૫૦૦થી વધુ હોદ્દેદારોની



નિમણૂક કરવામાં આવી છે. ૧૦ સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટોબર સુધી ચાલનારા આ અભિયાન દરમિયાન પાર્ટીના કાર્યકરો દરેક બુથ સુધી પહોંચશે. સ્થાનિક લોકોની સમસ્યાઓ, સરકારી યોજનાઓની સ્થિતિ અને ગુજરાતમાં પરિવર્તનની જરૂરિયાત અંગે બેઠકો યોજવામાં આવશે. આ સાથે સ્થાનિક સ્તરે સક્રિય કાર્યકરોને સંગઠન સાથે જોડીને બુથ સમિતિઓ રચવામાં આવશે. ગોપાલ રાયે જણાવ્યું હતું કે પાર્ટી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે 'મિશન ૨૦૨૭' અંતર્ગત જમીની સ્તરે સંગઠનને મજબૂત બનાવી રહી છે. ભાજપ સરકારના લાંબા શાસનથી લોકોમાં અસંતોષ છે, જ્યારે કોંગ્રેસ પ્રત્યે પણ લોકોમાં નિરાશા જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આમ આદમી પાર્ટી જનતાના પ્રશ્નો માટે મજબૂત વિકલ્પ તરીકે આગળ આવી રહી છે. આગામી એક મહિનામાં સંગઠનના સ્તરે ગુજરાતની નંબર વન પાર્ટી બનવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ૨૦૨૨ની ચૂંટણી દરમિયાન બુથ સંગઠનમાં રહેલી કચાશને દૂર કરવા માટે આ અભિયાન હાથ ધરાયું છે. અરવિંદ કેજરીવાલ, ગોપાલ રાય અને પ્રદેશ ટીમના માર્ગદર્શન હેઠળ સંગઠનને વધુ વ્યવસ્થિત બનાવવામાં આવશે. પ્રદેશ સંગઠન મંત્રી, લોકસભા અને જિલ્લા પ્રમુખો તેમજ વિધાનસભા પ્રભારી અને સંગઠન મંત્રીઓને મહત્વપૂર્ણ તાલીમ આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આગામી તબક્કામાં સંગઠનને ગ્રામ સમિતિઓ અને બુથ સમિતિઓ સુધી પહોંચાડવામાં આવશે. દરેક વિસ્તારમાં જવાબદાર કાર્યકરોની નિમણૂક કરીને પાર્ટીની કામગીરીને વધુ અસરકારક બનાવવામાં આવશે.



### દુષ્કાળ મુદ્દે 9 સપ્ટેમ્બરથી સત્યાગ્રહનું બીજું ચરણ

ઈસુદાન ગઢવીએ ગુજરાતના ૧૦૮ તાલુકામાં દુષ્કાળની સ્થિતિ હોવાનો દાવો કરી ૯ સપ્ટેમ્બરથી દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહનું બીજું ચરણ શરૂ કરવાની જાહેરાત કરી છે. તેમના જણાવ્યા મુજબ, ૧૦૮ તાલુકામાંથી ટીમો કાર્યક્રમમાં પહોંચી હતી અને દુષ્કાળ પ્રભાવિત વિસ્તારોમાં ખેડૂતો સાથે મળીને ગ્રામ સત્યાગ્રહ કરવામાં આવશે.૯ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર સુધી દુષ્કાળ મુદ્દે ખેડૂતો પાસેથી ફોર્મ ભરાવવામાં આવશે. ત્યારબાદ ૨ ઓક્ટોબરે ગાંધીનગર કૂચ કરવામાં આવશે. ગઢવીએ જણાવ્યું હતું કે દુષ્કાળગ્રસ્ત ગામોમાં પીવાના પાણી અને ઘાસચારાની સમસ્યા અંગે પણ આંદોલન કરવામાં આવશે.

# રાજકોટ રેલ્વે સ્ટેશન પરથી 9.41 લાખના ગાંજાના જથ્થા સાથે આંતરરાજ્ય ડ્રગ પેડલર ઝડપાયો

» એલ.સી.બી. પશ્ચિમ રેલ્વેનું સફળ ઓપરેશનઃ ટ્રોલી બેગમાં સંતાડીને લવાતો ૧૮.૪૬૭ કિલો ગાંજો જપ્ત

» છત્તીસગઢનો આરોપી જેલના સળિયા પાછળ, યુ.પી.નો શખ્સ ફરાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ રેલવે સ્ટેશન પરથી એલ.સી.બી. પશ્ચિમ રેલવેની ટીમે રૂ.૯.૪૧ લાખના ગાંજાના જથ્થા સાથે આંતરરાજ્ય ડ્રગ પેડલરને ઝડપી પાડ્યો છે. પ્લેટફોર્મ નં.૧ પર શંકાસ્પદ અને વજનદાર ટ્રોલી બેગ સાથે ફરતા શખ્સને પોલીસે અટકાવી તપાસ કરતાં તેમાંથી ૧૮.૪૬૭ કિલો ગાંજો મળી આવ્યો હતો.

પોલીસે પકડાયેલા આરોપીની ઓળખ કર્મવીર તુલશીદાસ પાટીલ તરીકે કરી છે, જે મૂળ સુરજપુર, છત્તીસગઢનો રહેવાસી છે. તેની પાસેથી રૂ.૯,૨૩,૩૫૦ની કિંમતનો ગાંજો, રૂ.૧૫,૦૦૦નો Oppo-A૫૬ મોબાઈલ ફોન, રૂ.૧,૮૦૦ રોકડા અને બે ટ્રોલી બેગ મળી કુલ રૂ.૯,૪૧,૧૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં આ ગાંજાની હેરાફેરીમાં ઉત્તરપ્રદેશના બાંદા ખાતે રહેતો હર્ષસિંહ લલકસિંહ પણ સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે. જોકે, પોલીસ કાર્યવાહી દરમિયાન તે ફરાર થઈ ગયો હતો. તેને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ વધુ તેજ કરી છે.

પી.આઈ. જે.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ. જે.એમ. પરમાર સહિતની એલ.સી.બી. ટીમે એસ.ઓ.જી.ના સહયોગથી આ સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. બંને આરોપીઓ વિરુદ્ધ રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પોલીસ હવે ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને




પહોંચાડવાનો હતો તે અંગે પણ તપાસ કરી રહી છે.

# DCPએ કહ્યું જાડેજા ઈન્ફર્મેશન હૈ અભી ભી બ્લાસ્ટ એક્યુઝ અમદાવાદ મેં હો શકતે હૈ


ડીસીપી સિન્હા જેસીપી ગૌડ ને મળી તેમની ઓફિસના પગથીયા ઉતરી રહ્યા હતા, ત્યારે તેમણે જોયુ કે બધા પોલીસવાળા બુલેટપ્રુફ જેકેટ પહેરી તૈયાર હતા. તેમના ખભા ઉપર એ કે ૪૭ AK ૪૭ રાયફલો પણ હતી, ક્વીક રીસ્પોન્સ ટીમ પણ આવી ગઈ હતી, કાળા કપડામાં સજજ કમાન્ડો પાસે આધુનિક હથિયારો સાથે તેઓ પણ પોલીસ સાથે કતારમાં ગોઠવાઈ ગયા, હતા. ને જોતા ઈન્સપેક્ટર જાડેજા Jબadeja મોટા અવાજે કહ્યું સાવધાન, કમાન્ડો અને પોલીસવાળા સાવધાન થઈ ગયા. ડીસીપી સિન્હા નજીક આવ્યા એટલે જાડેજા Jadeja સલામ કરી, સિન્હાએ તમામ સામે એક નજર ફેરવી કહ્યું આરામ સે બધા વિશ્રામ થઈ ગયા. સિન્હા એ ઉંડો શ્વાસ લીધો અને કહ્યું દેખો એક ઈન્ફરમેશન હૈ, બ્લાસ્ટ કેસ કે આરોપી અભી ભી અમદાવાદ મેં હો શકતે હૈ, હમ ઓપરેશન પે જા રહે હે, અગર વો હમે મીલ ગયે તો સરન્ડર કરને કી સંભાવના બહુત કમ હૈ, વો એસોલ્ટ ભી કર શકતે હૈ, હમે ઉસકે લીયે તૈયાર રહેના હોગા. હમે જો ઈન્ફરમેશન મીલી હૈ, વો સિવિલીયન એરીયા હૈ, ઓપરેશન મેં અગર ફાયરીંગ કી નૌબત આતી હૈ તો ધ્યાન રહે કોઈ સિવિલીયન કી કેઝ્યુલીટી ના હો. મેરે લીયે આપ સભી કિંમતી હૈ, અપની ભી રક્ષા કરે, એક છોટી ભુલ હમે ભારી પડતી શકતી હૈ, હમ તીન હિસ્સો મેં ઓપરેશન કરેંગે. પછી જાડેજા Jadeja સામે જોતા પુછયું ટીમની સંખ્યા શું છે. જાડેજાએ સાવધાન થતાં કહ્યું કયુઆરટી કે સાથ કુલ તીસ જવાન હૈ, સિન્હા એ ફરી ટીમ સામે જોતા કહ્યું મેં પુરે ઓપરેશન કો લીડ કરૂગા, હમ સબ એક સાથે ચલેંગે લેકીન કુછ દૂરી પર એક ટીમ રીર્ઝવ ટીમ કે તૌર પે બહાર રૂક જાયેગી. એક ટીમ ઓપરેશન ટીમ કો કવર દેગી ઓર મેરે સાથે દસ આદમી રહેંગે જો જહા ભી આતંકી છીપે હોને કી સંભાવના હૈ વહા એટેક કરેંગે, સિન્હા એ આખી ટીમ સામે જોયું પછી પુછયું કોઈ સવાલ, બધાએ સાવધાન થતાં કહ્યું, નહીં સર. સિન્હાએ કહ્યું તો ઠીક હૈ ચલો હમ ચલતે હૈ, હમ Walkie-talkie સે સંપર્ક મેં રહેંગે, પછી યાદ આવ્યું હોય તેમ સભી અપને મોબાઈલ ફોન સ્વીચ ઓફ કર દો ઓપરેશન ખતમ હોને તક કોઈ ફોનના ઈસ્તમાલ નહીં કરેગા.પછી તેમણે પોતાનો ફોન ખીસ્સામાંથી કાઢી સ્વીચ




Navajivan ભાગ 30 ગુજરાતની સત્ય ઘટના આધારિત પ્રશાંત દયાળ લિખિત નવલકથા..

ઓફ કર્યો તે જોઈ તમામ અધિકારીઓ અને જવાનો ફોન સ્વીચ ઓફ કરવા લાગ્યા. ડીસીપી ઝડપભેર ક્રાઈમ બ્રાન્ચ ની બહાર નિકળ્યા અને પોતાની કવોલીસમાં ગોઠવાઈ ગયા, તમામ અધિકારીઓ અને જવાનો પણ દોડતા પોતાના વાહનોમાં ગોઠવાઈ ગયા, કયુઆરટી વાળા બુલેટ પ્રુફ Bullet proof ગાડીમાં ગોઠવાઈ ગયા અને પોલીસનો કાફલો ક્રાઈમ બ્રાન્ચ ના વિશાળ ઐતિહાસીક દરવાજાની બહાર નિકળ્યો, કતારબંધ પોલીસના વાહનો જોઈ લોકોને આશ્ચર્ય થતુ હતું, શહેરમાં કઈક બન્યું છે તેવું બધાને લાગી રહ્યું હતુ.

ડીસીપી સિન્હા ની કાર સૌથી આગળ હતી, સામાન્ય રીતે કારમાં બેઠા પછી સિન્હા જગ્યાનું નામ બોલે એટલે ડ્રાઈવર તેમની કાર તે રસ્તા ઉપર દોડાવવા લાગતો હતો, પણ આજે સિન્હા એ પોતાના ડ્રાઈવરને કહ્યું મેં કહેતા હું વો રાસ્તે પે લે લો, સિન્હા જેમ જેમ રસ્તો બતાડતા ગયા તેમ તેમ ડ્રાઈવર પોતાની કાર ચલાવતો ગયો, એકદમ સિન્હાને યાદ આવ્યુ તેમણે પોતાની આગળની ડ્રાઈવરની સીટમાં બેઠેલા વાયરલેસ ઓપરેટરને પુછયું અરે મેરા વેપર ઔર બુલેટપ્રુફ Bullet proof તો લીયા હૈના.. ઓપરેટરે પાછા વળી જોયુ પછી સિન્હા ની પાછળ બેઠેલા તેમના કમાન્ડો એ તરત પોતાની પાસે રહેલી નાઈન એમએમ પીસ્તોલ ૯ MM pistol અને બુલેટપ્રુફ જાકીટ સિન્હાના હાથમાં મુકયા. સિન્હાએ પીસ્તોલનું મેગજીન કાઢી કારતુસો બરાબર છે કે નહીં તે જોઈ લીધુ. તેમણે સીટ ઉપર થોડા આગળ થઈને પોતાનું જાકીટ પણ પહેરી લીધુ, તેમણે પાછળ વળી જોયુ, કમાન્ડોને ખબર પડી નહીં કે સાહેબ કેમ પાછળ જોયુ, પણ તેમણે ખાતરી કરી કે કમાન્ડોએ પણ જાકીટ પહેર્યુ છે કે નહીં, પણ કમાન્ડોએ તો કારમાં બેસતા પહેલા જ જાકીટ પહેરી લીધુ હતું.સિન્હા એ ક્રાઈમ બ્રાન્ચ માંથી જતા પહેલા ગુગલ ઉપર વટવા યાકુબનગર જવાનો રસ્તો જોઈ લીધો હતો. જેના કારણે તેઓ એકમદ એકયુરેટ રસ્તો ડ્રાઈવરને બતાડી રહ્યા હતા, ડ્રાઈવર વિચારી રહ્યો હતો કે સાહેબને લઈને તો તે આ રસ્તે કોઈ દિવસ આવ્યો નથી. છતાં સાહેબને આ રસ્તો કેવી રીતે ખબર હશે. પોલીસનો કાફલો ચંડોળા તળાવ પાસેથી પસાર થઈ હતો, સિન્હાના



પ્રશાંત દયાળ

મનમાં આખું ઓપરેશનને કેવી રીતે પાર પાડવું તેની ચિંતા ચાલી રહી હતી, લાંબા સમય પછી એકશનમાં આવવુ પડે તેવું કામ મળ્યુ હતું. તેનો રોમાંચ પણ વચ્ચે વચ્ચે થઈ જતો હતો, તેમણે પાછળ જોયા વગર કમાન્ડોને પુછયુ પીછે સભી ગાડીયા આ રહીહેના, કમાન્ડોએ પાછળના કાચમાંથી જોયુ ૧-૨-૩-૪ અને ૫ હા પાંચે પાંચ વાહન ક્રાઈમ બ્રાન્ચ માંથી નિકળ્યા તે પ્રમાણે કતારમાં ચાલી રહ્યા હતા. હવે નારોલ સુધી પહોંચ્યા ગયા, ડ્રાઈવરે ચાર રસ્તા આવ્યા એટલે સાહેબ સામે જોવા માટે કાચમાં જોયુ, સિન્હા ની અને ડ્રાઈવરની નજર એક થઈ, સિન્હાએ ગાડી સીધી હાઈવે પે જાને દો નારોલ ચાર રસ્તા પાર કરી મુંબઈ હાઈવે ઉપર પોલીસના કાફલો જવા લાગ્યો, પાછળની ગાડીઓમાં રહેલા પોલીસવાળા અને ખુદ ઈન્સપેકટર જાડેજા Jadeja પણ બહારની તરફ જોઈ રહ્યા હતા કારણ તેમને પણ ખબર ન્હોતી કે કયાં સ્થળે જવાનું છે. હાઈવે શરૂ થયો તેના કારણે શહેર કરતા ટ્રાફિક ઓછો હતો. હવે વાહનોની સ્પીડ વધી હતી, સિન્હા આગળના કાચમાંથી આમ તેમ જોતા હતા. કયાંય આગળ જતા ના રહીએ તેની તસ્દી લેતા હતા.૩ કિલોમીટર પછી તેમણે ડ્રાઈવરના ખભે હાથ મુકતા કહ્યું અબ સ્પીડ કમ રખના, ડ્રાઈવર એકસીલીટરનું દબાવેલુ પેડલ સહેજ છોડયુ, કાર માંડ ૫૦૦ મીટર ગઈ હશે ત્યાં સિન્હા એ કહ્યું બસ દેખો સામને રાઈટ સાઈડ જો રાસ્તા જાતા હૈ વહા મોડ લો, ડ્રાઈવે રાઈટ સાઈડનું સીગ્નલ બતાડયુ, પાછળ આવી રહેલા તમામ પોલીસના વાહનોના રાઈટ સાઈડ સીગ્નલ શરૂ થઈ ગયા, સિન્હા એ પાછળ વળી જોયું બધા વાહનો બરાબર આવી રહ્યા હતા. હવે કાચા રસ્તાની શરૂઆત થઈ રહી હતી, ડીસીપી ની કાર આગળ હતી જેના કારણે પાછળના વાહનો ધુળમાં જાણે સંતાઈ જતા હોય તેવું લાગી રહ્યું હતું, અડધો કિલોમીટર સુધી કોઈ વસ્તી ન્હોતી, કાચા રસ્તાની બન્ને તરફ વેરાન હતું, સાંજ થવા આવી હતી. જેના કારણે સુર્ય પણ આથમી જવા માટે ઉતાવળીયો થયો હોય તેવું લાગતુ હતું, અડધા કિલોમીટર પછી એક વૃક્ષ નીચે એક નાનકડો ગલ્લો નજરે પડયો સાવ નાનો ફાલતુ ગલ્લો હતો. ગલ્લા ઉપર ૨-૩ યુવકો ઊભા હતા, તેમના પહેરવેશથી મુસ્લિમ Muslim જ લાગતા હતા, તેમણે દુરથી આવેલી રહેલા પોલીસના વાહનો જોયા, તેમણે પોતાની ચર્ચા બંધ કરી અને પોલીસના વાહનો તરફ જોવા લાગ્યા. ડીસીપી સિન્હા ની ગાડી જેવી ગલ્લા પાસે આવી તેમણે ડ્રાઈવરને કહ્યું રોકો, તેણે તરત બ્રેક કરી, ડીસીપી ગલ્લા ઉપર ઊભા રહેલા યુવકને પુછયુ યાકુબનગર Yakubnagar... પેલો છોકરો આગળ આવ્યો તેણે કહ્યું બસ સીધા જાવ સાબ સામને હૈ, ડ્રાઈવરે કલચ ઉપરથી પગ ઉપાડયો, ડીસીપી એ હાથમાં વોકીટોકી લીધુ અને આદેશાત્મક ભાષામાં કહ્યું રીર્ઝવ પાર્ટી યહી રૂક જાવ, ટીમ નંબર ૨ ઔર કયુઆરટી મેરે પીછે આવો, રેડી ફોર ઓપરેશન.... (ક્રમશઃ)

# સોમનાથના સાનિધ્યે બુધવારે શિવવંદનાનો સ્વરાભિષેક

## 9 સપ્ટેમ્બરે ચોપાટી મેદાનમાં રાત્રે 9 વાગ્યે કાર્યક્રમ; જયદેવ ગોસાઈ અને ડો. રણજીત વાંકની ભજનો રજૂ કરશે





**સિટી ન્યૂઝ@સોમનાથ**

વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસની આરાધના ચાલી રહી છે ત્યારે ૯ સપ્ટેમ્બરે માસિક શિવરાત્રિના પાવન સંયોગે સોમનાથના સાનિધ્યે શિવવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત ફર્સ્ટ આયોજિત આ કાર્યક્રમ સોમનાથ નજીક ચોપાટી મેદાનમાં બુધવારે રાત્રે ૯ વાગ્યે યોજાશે.કાર્યક્રમમાં જાણીતા લોકગાયક જયદેવ ગોસાઈ શિવભક્તિના ગીતો, ભજનો અને સ્તુતિની રજૂઆત કરી સોમનાથને સ્વરાભિષેક કરશે. જ્યારે લોકસાહિત્યકાર ડો. રણજીત વાંક સોમનાથની શૌર્યકથા તેમજ કવિ દુલાભાયા કાગની શિવભક્તિ અને તેમની રચનાઓ રજૂ કરશે. કવિ કાગબાપુની સ્મૃતિમાં કાગડાયરા શિવવંદનાનું આયોજન કરવામાં આવ્યું છે. સોમનાથ આવતા ભાવિકો અને સ્થાનિક લોકો ભજન, ગીત અને શિવસ્તવનમાં લીન થાય તે માટે કાર્યક્રમની તૈયારીઓ પૂર્ણતાના આરે છે. કાર્યક્રમને સોમનાથ ટ્રસ્ટ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનો સહયોગ મળ્યો છે. ગીર સોમનાથના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ રાજકોટ-જૂનાગઢ સહિતના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે.

### શિવવંદના સાથે મંદિરની વિશેષ પૂજા

૯ સપ્ટેમ્બર માસિક શિવરાત્રિ હોવાથી સોમનાથ મંદિરમાં રાત્રે વિશેષ પૂજા-અર્ચના અને મધરાતે આરતી યોજાશે. મંદિર રાત્રે ૧ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. એક તરફ ચોપાટી મેદાનમાં કલાકારોની શિવવંદના ગુંજશે, જ્યારે બીજી તરફ સોમનાથ મંદિર વેદમંત્રોચ્ચાર સાથેની પૂજા-અર્ચનાથી ગુંજતું રહેશે. સોમનાથનું સાનિધ્ય, શિવરાત્રિની રાત અને શ્રાવણ માસનો અનોખો સંયોગ છે. અહીં ભજન કરવું એ સોમનાથની મોટી કૃપા છે અને હું શિવવંદનાને સોમનાથની કૃપા માની રહ્યો છું, તેમ લોકગાયક જયદેવ ગોસાઈએ જણાવ્યું હતું.





# રાજકોટ GST બાર એસોસિએશનના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ GST બાર એસોસિએશનની ૫૪મી વાર્ષિક સાધારણ સભા તા. ૨/૯/૨૦૨૬ના રોજ યોજાઈ હતી. જેમાં એસોસિએશનના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે રાજેશ કુકડીયા અને સેક્રેટરી તરીકે હિતેશ સાવલિયાની પસંદગી કરવામાં આવી છે. નવી ટીમમાં ઉપપ્રમુખ તરીકે શૈલેષ ભૂપતાણી, જોઈન્ટ સેક્રેટરી તરીકે મહેન્દ્ર ભંડેરી તથા ટ્રેઝરર તરીકે દિવ્યેશ ડોબરીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભામાં એસોસિએશનના બહોળી સંખ્યામાં સભ્યોએ ભાગ લીધો હતો. નવનિયુક્ત પ્રમુખ રાજેશ કુકડીયાએ સભ્યોના GSTને લગતા પ્રશ્નોની યોગ્ય રીતે રજૂઆત ઉચ્ચ અધિકારીઓ સમક્ષ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. નવા હોદ્દેદારોની વરણીથી એસોસિએશનની કામગીરીને વધુ સુદઢ બનાવવાના પ્રયાસો કરવામાં આવશે.






# ન્યુઝીલેન્ડનાં ઓકલેન્ડમાં વૈષ્ણવ પરિવાર દ્વારા જન્માષ્ટમી પર્વ ભવ્ય ઉજવણી કરાય

**સિટી ન્યૂઝ@ઓકલેન્ડ**

## VPNZના 22મા મહોત્સવમાં ૪૫૦થી વધુ વૈષ્ણવો જોડાયા; સત્સંગ, કીર્તન અને મહાઆરતી યોજાઈ

ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડ શહેરમાં વૈષ્ણવ પરિવાર ન્યૂઝીલેન્ડ (VPNZ) દ્વારા ૨૨મા શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિ અને પુષ્ટિમાર્ગીય પરંપરાઓને જીવંત રાખવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ મહોત્સવમાં ૪૫૦થી વધુ વૈષ્ણવો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણના બાલસ્વરૂપની રમણીય ઝાંખી, સત્સંગ, કીર્તન તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદ સાથે વૈષ્ણવો ભક્તિરસમાં લીન થયા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત વૈષ્ણવો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. VPNZના આયોજકોએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૨ વર્ષથી ન્યૂઝીલેન્ડની ધરતી પર વૈષ્ણવ સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે સંસ્થા કાર્યરત છે. આ વર્ષે ૪૫૦થી વધુ વૈષ્ણવોની ઉપસ્થિતિ અને ઉત્સાહે સાત સમુદ્ર પાર પણ ધાર્મિક સંસ્કારોની મજબૂતી દર્શાવી છે. VPNZ આગામી સમયમાં પણ વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવોનું આયોજન કરી ન્યૂઝીલેન્ડમાં વૈષ્ણવ સમાજને જોડવાનું કાર્ય ચાલુ રાખશે.



# વ્રજધામમાં જન્માષ્ટમી અને નંદ મહોત્સવની ભાવસભર ઉજવણી

## વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી 108 વ્રજરાજકુમારજીના સાનિધ્યમાં યોજાયેલા બે દિવસીય ઉત્સવમાં હજારો વૈષ્ણવો જોડાયા; મધ્યરાત્રિએ કૃષ્ણ જન્મોત્સવ અને નંદ મહોત્સવમાં મટકી ફોડનું આયોજન



**સિટી ન્યૂઝ@વડોદરા**

વૈષ્ણવચાર્ય પૂજ્ય વ્રજરાજકુમારજીના સાનિધ્ય માં .વ્રજધામ સંકુલ ખાતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી તથા નંદ મહોત્સવની અત્યંત ભવ્ય, દિવ્ય અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. બંને દિવસ દરમિયાન હજારો વૈષ્ણવો અને કૃષ્ણભક્તોએ ઉપસ્થિત રહી શ્રીકૃષ્ણ ભક્તિ, સત્સંગ અને ઉત્સવનો અલૌકિક આનંદ માણ્યો હતો.

જન્માષ્ટમીના પાવન અવસરે વ્રજધામ સંકુલ ખાતે વિશેષ ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રીકૃષ્ણના મધુર ભજનો અને કીર્તનોની વચ્ચે સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બન્યું હતું અને મોટી સંખ્યામાં ઉપસ્થિત વૈષ્ણવો કૃષ્ણભક્તિમાં ભાવવિભોર બન્યા હતા.

આ પાવન પ્રસંગે વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીએ પોતાના આશીર્વચન અને પ્રવચનમાં શ્રીકૃષ્ણના આનંદ સ્વરૂપ તથા કૃપાના મહિમાનું સુંદર નિરૂપણ કર્યું હતું.

"શ્રીકૃષ્ણ આનંદ સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ આપણા સૌના અંતર્યામી છે. જીવનમાં શ્રીકૃષ્ણની કૃપા ક્યારે થઈ કહેવાય? જ્યારે ભક્તિ કરતાં કરતાં જીવનનાં લૌકિક કષ્ટો વચ્ચે પણ કષ્ટનો અનુભવ ન થાય અને અંતરમાં સતત દિવ્ય આનંદનો અનુભવ થવા લાગે, ત્યારે સમજવું કે આપણા ઉપર શ્રીકૃષ્ણની કૃપા થઈ છે."

પૂજ્યએ વધુમાં જણાવ્યું હતું કે સંસારના સુખ-દુખ ક્ષણિક છે, પરંતુ પ્રભુ સાથેનો સંબંધ જીવને શાશ્વત આનંદ તરફ લઈ જાય છે. શ્રીકૃષ્ણ ભગવાનની કૃપા જીવને માત્ર આ સંસારના દુખોમાંથી બહાર આવવાની શક્તિ જ નથી આપતી, પરંતુ અંતે જન્મ-મૃત્યુના ફેરામાંથી મુક્તિ અપાવી પ્રભુચરણની પ્રાપ્તિ કરાવે છે.

જન્માષ્ટમીની રાત્રે શ્રીકૃષ્ણ જન્મની પાવન ઘડીએ વ્રજધામ સંકુલનું વાતાવરણ જાણે ગોકુળના ઉત્સવમાં પરિવર્તિત થઈ ગયું હતું. શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે પંચામૃત સહિતના વિશેષ મનોરથ અને દર્શનનો હજારો વૈષ્ણવોએ લાભ લીધો હતો. કૃષ્ણ જન્મની ઘડી આવતાં જ જયઘોષ, કીર્તન અને ભક્તિના નાદથી સમગ્ર સંકુલ ગુંજી ઊઠ્યું હતું. હજારો વૈષ્ણવોએ શ્રીકૃષ્ણ જન્મોત્સવના દિવ્ય દર્શન કરી પોતાને ધન્ય અનુભવ્યા હતા.

## પોલીસ કમિશનરે વર્ણવ્યો પુષ્ટિમાર્ગીય સેવાનો મહિમા

આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા પોલીસ કમિશનરે પોતાના વક્તવ્યમાં પુષ્ટિમાર્ગની વિશિષ્ટ સેવા પરંપરાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજી તથા વિઠ્ઠલનાથજી ગુસાંઈજી પ્રભુચરણ દ્વારા પ્રસ્થાપિત રાગ, ભોગ અને શૃંગારની સેવા પરંપરા ઠાકોરજીને રીઝવવાની સાથે ભક્તના હૃદયમાં પણ વિશેષ પ્રેમ અને આનંદ પ્રગટ કરે છે. તેમણે જણાવ્યું હતું કે પુષ્ટિમાર્ગમાં પ્રભુની સેવા માત્ર એક ધાર્મિક ક્રિયા નથી, પરંતુ પ્રભુને પોતાના સ્વજન માની પ્રેમપૂર્વક લાડ લડાવવાનો ભાવ છે. પુષ્ટિમાર્ગની સેવા પદ્ધતિ પોતાની આગવી ભાવના અને પરંપરાને કારણે વિશિષ્ટ છે અને જીવના હૃદયમાં શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરનારી છે. પોલીસ કમિશનરે ખાસ કરીને VYO Vallabh Youth Organisationની પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે હિન્દુ ધર્મના વિવિધ આચાર્યો અને સંપ્રદાયોની વચ્ચે વિશેષ કરીને બાળકો અને યુવાનોને ધર્મ, સંસ્કાર, સેવા અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડવા માટે પુષ્ટિમાર્ગમાં સ્થાપિત VYO એક આગવી અને આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત યુવા સંસ્થા છે. તેના માધ્યમથી નવી પેઢીને ધર્મ અને સંસ્કૃતિ સાથે જોડવાનું મહત્વપૂર્ણ કાર્ય થઈ રહ્યું છે.

## ડૉ. હેમાંગ જોશીનું વિશેષ સન્માન

આ પ્રસંગે તાજેતરમાં ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્ત થયેલા ડૉ. હેમાંગ જોશીનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર તથા વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમારજીના હસ્તે ડૉ. હેમાંગ જોશીને સન્માનિત કરી તેમની નવી જવાબદારી માટે શુભકામનાઓ અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.


## નંદ મહોત્સવમાં વ્રજધામ બન્યું ગોકુળ

જન્માષ્ટમી બાદ ગઈકાલે વ્રજધામ સંકુલ ખાતે પરંપરાગત રીતે ભવ્ય નંદ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. નંદરાયજી, યશોદાજી, ગ્વાલબાલો અને ગોપીજનો સહિતના વ્રજભાવને જીવંત કરતી ઉજવણીના કારણે સમગ્ર વ્રજધામ સંકુલમાં જાણે ગોકુળ અને વ્રજની અનુભૂતિ થઈ હતી. શ્રીકૃષ્ણના પ્રાગટ્યનો આનંદ નંદાલયમાં જે રીતે છવાયો હતો, તે જ ભાવને પ્રગટ કરતા નંદ મહોત્સવમાં વૈષ્ણવો ઉત્સાહ અને ભક્તિથી જોડાયા હતા. આ પ્રસંગે VYO Youth Wingના યુવાનો દ્વારા પરંપરાગત મટકી ફોડનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનોના ઉત્સાહ, ભક્તિ અને ઉમંગથી સમગ્ર વાતાવરણ આનંદમય બની ગયું હતું.બે દિવસ સુધી ચાલેલી જન્માષ્ટમી અને નંદ મહોત્સવની આ ભવ્ય ઉજવણીમાં ભક્તિ, સેવા, સત્સંગ, સંસ્કાર અને યુવા શક્તિનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. હજારો વૈષ્ણવોની ઉપસ્થિતિ વચ્ચે વ્રજધામ સંકુલ શ્રીકૃષ્ણના જયઘોષ અને વ્રજના આનંદથી ગુંજી ઊઠ્યું હતું.

# રક્તની તાતી જરૂરિયાત વચ્ચે કાલે જ્યોતિ CNC ગ્રુપનો રક્તદાન કેમ્પ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં રક્તની જરૂરિયાત ઊભી થઈ છે ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓને નિશુલ્ક રક્ત મળી રહે તે માટે જ્યોતિ CNC ગ્રુપ દ્વારા મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યોતિ CNC ગ્રુપના ચેરમેન પરાક્રમસિંહ જાડેજાના પિતા સ્વ. ઘનશ્યામસિંહ નિરુભા જાડેજાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે આ કેમ્પ યોજાશે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ૮ સપ્ટેમ્બર, મંગળવારના રોજ GIDC મેટોડા, કાલાવડ રોડ, જ્યોતિ CNCના ગેટ નં. ૨ના છેવાડે



સવારે ૯થી સાંજે ૬ વાગ્યા સુધી મહારક્તદાન કેમ્પ યોજાશે. હાલમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની તાતી જરૂરિયાત હોવાનું જણાવાયું છે. સિવિલ હોસ્પિટલમાં

## શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તદાન કરવા જ્યોતિ CNC ગ્રુપે બહોળી સંખ્યામાં રક્તદાતાઓને જોડાવા અપીલ કરી

સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવતા હોવાથી રક્તદાન થકી જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવા અપીલ કરવામાં આવી છે. કેમ્પમાં બહોળી સંખ્યામાં રક્તદાતાઓ જોડાઈ રક્તદાન કરી અમૂલ્ય માનવજિંદગીઓ બચાવવામાં નિમિત્ત બને તેવી અપીલ જ્યોતિ CNCના પરાક્રમસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, વિક્રમસિંહ રાણા, જ્યોતિ CNC સ્ટાફ પરિવાર તથા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત જન્મદિવસ, સ્મૃતિદિન સહિતના પ્રસંગોએ રક્તદાન કેમ્પ યોજવામાં આવે તો રક્તની અછતનું આંશિક નિવારણ થઈ શકે તેમ જણાવાયું છે. રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન કેમ્પ ઉપરાંત ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તથા જીવદયાના સેવાકાર્યો માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીનો 94282 00660 પર સંપર્ક કરવા જણાવાયું છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| PRANAV CONSTRUCTIONS | 07/9 | 09/9 | 118 - 124 | 120 | 14,880 |
| GLASS WALL SYSTEMS (INDIA) | 08/9 | 10/9 | 172 - 182 | 82 | 14,924 |
| PRASOL CHEMICALS | 08/9 | 10/9 | 643 - 676 | 22 | 14,872 |
| KANOHAR ELECTRICALS | 08/9 | 10/9 | 601 - 632 | 23 | 14,536 |
| KARAMTARA ENGINEERING | 09/9 | 11/9 | 241 - 254 | 59 | 14,986 |
| LCC PROJECTS | 09/9 | 11/9 | 139 - 146 | 102 | 14,892 |
| MANIPAL PAYMENT & IDENTITY SOLUTIONS | 09/9 | 11/9 | 322 - 339 | 44 | 14,916 |
| ASSET RECONSTRUCTION CO. | 09/9 | 11/9 | 132 - 139 | 107 | 14,873 |
| RENTOMOJO | 09/9 | 11/9 | 384 - 404 | 37 | 14,948 |
| VEEGALAND DEVELOPERS | 10/9 | 15/9 | 130 - 140 | 107 | 14,980 |
| SME DETAILS | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| QUALIANCE INTERNATIONAL | 04/9 | 08/9 | 120 - 127 | 2000 | 2,54,000 |
| APANA LOGISTICS | 07/9 | 09/9 | 60 | 4000 | 2,40,000 |
| AMTECH ESTERS | 09/9 | 11/9 | 71 - 75 | 3200 | 2,40,000 |
| VINOD TEXWORLD | 09/9 | 11/9 | 94 | 2400 | 2,25,600 |
| INFRAX RENEWABLE | 09/9 | 11/9 | 104 | 2400 | 2,49,600 |
| PANCHATV BHARAT | 10/9 | 15/9 | 140 | 2000 | 2,80,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ.એ જણાવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬ સુધીમાં ભારતના કન્ટેનર બજારમાં ૪૫.૫ ટકા હિસ્સો ધરાવે છે, જેમાં મુન્દ્રા પોર્ટ એક ૩૫ ટકા હિસ્સો દેશના કન્ટેનર ટ્રેડ સંભાળે છે. કંપની તેના મહત્વાકાંક્ષા ૨૦૩૧ના ભાગ રૂપે મુન્દ્રા સહિત તેના નેટવર્કમાં ક્ષમતા વિસ્તરણ માટે નોંધપાત્ર રોકાણો કરી રહી છે. કંપની આગામી પાંચ વર્ષમાં કન્ટેનર હેન્ડલિંગ ક્ષમતા ૬૦ લાખથી વધુ કરવાની યોજના ધરાવે છે.
- સ્ટીલ એક્સચેન્જ ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન રોલિંગ મિલમાં રિ-બાર્સનું ૨૪,૮૨૩ મેટ્રિક ટન (એમટી)નું અત્યાર સુધીનું સૌથી વધુ માસિક ઉત્પાદન હાંસલ કર્યું છે.
- જેએસડબ્લ્યુ એનર્જી લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ૧૫ ગીગાવોટ સ્થાપિત ક્ષમતાને પાર કરવનો મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંલ કર્યો છે. કંપનીની કુલ કાર્યકારી ક્ષમતા હવે ૧૫,૦૨૫ મેગાવોટ થઈ છે.
- જેએસડબ્લ્યૂ સ્ટીલ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ઓગસ્ટ, ૨૦૨૬ મહિના દરમિયાન ૨૪.૬૫ લાખ ટન કોન્સોલિડેટેડ ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન કર્યું છે, જ્યારે ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન ૨૩.૮૨ લાખ ટન ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન કર્યું હતું, જે વાર્ષિક ધોરણે ૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- એકોર્ડ ટ્રાન્સફોર્મર અને સ્વિચગિયર લિ.એ જણાવ્યું છે કે કંપનીને શાલીમાર કોર્પ લિ. પાસેથી ટ્રાન્સફોર્મર્સની સપ્લાય માટે રૂ.૫૦.૪૦ કરોડનો ખરીદ ઓર્ડર મળ્યો છે.
- મઝગાવ ડોક શિપબિલ્ડર્સ લિ.ને મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કંપની લિ. પાસેથી રૂ.૧૧૭,૯૯,૭૧,૫૬૪.૯૦ નો ઓર્ડર મળ્યો છે.
- રેલ વિકાસ નિગમ લિ.ને એસજેવીએન થર્મલ પ્રા.લિ. પાસેથી રૂ.૯૦૩,૦૦,૬૮,૪૯૨ નો ઓર્ડર મળ્યો છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે–વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**